પ્રવચનકાર :

## પૂ. મુનિપુંગવશ્રી ચન્દ્રશેખરવિજયજી

○ કમલ પ્રકાશન ટ્રસ્ટ ○

: પ્રવચન સમવતારક અને સમ્પાદક :

## મુનિરાજશ્રી ભાનુચંદ્રવિજયજી



# ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ શા માટે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભગવાન મહાવીર રૂપેરી પડદે ?? ઓહ્

શ્રી જિનશાસનશિશુ [ મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી. ]

તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરદેવની ૨૫ મી નિર્વાણ-શતાબ્દિની રાષ્ટ્રીય ઉજવણીમાં એક પછી એક અનેક કૌભાંડો ઉજવવાની જાહેરાતો થતી જાય છે. એમાંનું એક કૌભાંડ છે 'તીર્થંકર પરમાત્મા મહાવીરની હાલતી ચાલતી ઈસ્ટમેન કલર ફિલ્મ !' તીર્થંકર મહાવીરદેવના જીવન ચરિત્રને સંસ્પર્શ કરતા કેઈ પાત્રો આમાં રજૂ કરાશે.

આપણાં દેવાધિદેવ મહાવીરપ્રભુએ ત્રણ જગત ઉપર વાત્સલ્યનો ધોધ વર્ષાવ્યો ! કારુણ્યનો અંતઃ-સ્રોત છોડયો ! 'સવિ-જીવ કરૂં શાસન રસી'ની ભવ્ય ભાવનાના સ્વામી એ પરમાત્માએ; મહાવીરદેવની પૂર્વેના ત્રીજા ભવમાં આ ભાવનાના બળે જ 'તીર્થંકરત્વ' પ્રાપ્ત કર્યું ! જગત ઉપર અપ્રતિમ ઉપકારની મેઘ-વૃષ્ટિ કરનાર એ જગત્-પિતાએ સાડા બાર વર્ષો સુધી ઘોર ઉપસર્ગો અને પરિષહોની યાતનાઓને સહન કરી.... હસતે હૈયડે અને મસ્તીભર્યા મુખડે ! એમણે જગતને મહાન્ સંદેશ સુણાવ્યો. 'આફતોની ઝંઝાવાતના ટાણે પણ તમે સમતાનું પાન ચાવજો; સહનશીલતાનું તાંબુલ ચાવીને તૃપ્તિનો ઓડકાર લેજો; આગ બનીને આવેલા આદમીને આંસુની વૃષ્ટિથી ઓળઘોળ બનાવજો.' લોકોત્તર તીર્થંકરદેવની અપ્રતિમ વિશ્વ-હિતકારિતા, અપૂર્વ સમત્વ, અદ્વિતીય તારકતા અને અપરિમેય વત્સલતાનો વિચાર કરતાં પણ હૈયું ઝૂકી જાય છે.

આવા દેવાધિદેવની ફિલ્મ ઉતરે એ પણ આપણે માટે કેવી રીતે સહ્ય બને ? આ ફિલ્મમાં કામ કરનારા અભિનેતા-તાઓ કેવા હોય છે એ શું આપણાથી અજાણ છે ? જેના અંગ-અંગમાંથી વિકાર અને વાસનાના ભડભડ અગ્નિ-કણો નીકળી રહ્યા હોય.... જેના હૃદયમાં વૈષયિક ભૂતાવળો ધામા નાખીને બેઠી હોય.... જેના ઓષ્ઠ અત્યંત બીભત્સ ગીતો ગાઈને ખરડાઈ ગયા હોય.... એવા એ અભિનેતાઓ 'મહાવીરદેવ' નું પાત્ર લઈને ઊભા રહેશે. આથી ભયાનક પરમાત્મા મહાવીરદેવની મશ્કરી બીજી કઇ હોઇ શકે ? (અનુસંધાન ટાઈ.પેજ ૩ પર)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મહાવીર શાસનનો વધારો"

દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા મહાવીરદેવના ૨૫૦૦મા
નિર્વાણ પ્રસંગની

# ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો
# વિરોધ શા માટે ?

: પ્રવચનકાર :

પૂ. સિદ્ધાન્તમહોદધિ; કર્મશાસ્ત્રનિપુણમતિ; સુવિશુદ્ધ-
સંયમમૂર્ત્તિ; પરમવાત્સલ્યનિધિ; ત્રિશતસુવિહિતસુવિનીતશ્રમણગણ
સાર્થાધિપતિ; શ્રી જિનશાસનાલંકાર સ્વર્ગીય સૂરિશેખર

શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન

## પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: પ્રવચન-સમવતારક અને સમ્પાદક :

પૂ. પ્રગુરુદેવ મુનિપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના
શિષ્યરત્ન પૂ. ગુરુદેવ મુનિરાજશ્રી જયચન્દ્રવિજયજી
મહારાજના લઘુવયસ્ક શિષ્ય

## મુનિરાજશ્રી ભાનુચન્દ્રવિજયજી

: પ્રવચન સ્થળ :

નગરશેઠનો વંડો, અમદાવાદ-૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભૂમિકા

વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર **પરમાત્મા મહાવીરદેવ**ના ૨૫૦૦ વર્ષના નિર્વાણ કલ્યાણકના અવસરે; ભારત સરકાર દ્વારા **ભગવાન મહાવીર સ્વામિજી**ની રાષ્ટ્રીય સ્તરે ઉજવણી ઉજવવાનું નક્કી થયું છે. વસ્તુત: આ ઉજવણી પરમાત્માના નિર્વાણ કલ્યાણક પર્વને ઉદ્દેશીને કરાતી નથી. કિન્તુ ૨૫૦૦મી નિર્વાણ જયન્તિ રૂપે કરાય છે. જે ઉજવણી પરમાત્માને 'વીતરાગ' 'સર્વજ્ઞ' 'તીર્થંકર' આદિ તરીકે રજૂ ન કરતાં; 'ભારતના મહાન્ તત્ત્વ ચિંતક...સામ્યવાદના પિતા...સમાજ સુધારક' આદિ રૂપે રજૂ કરે છે. આથી; અને આવા બીજા ઢગલાબંધ કારણોથી; તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીર દેવની ઉજવણીનો અનેક જૈનાચાર્યો વિરોધ કરે છે.

પોતાની માતા 'મહાસતી' હોવા છતાં તેને વિકૃત રૂપાન્તરે જો જગત્માં પ્રસિદ્ધ કરાય; તો કોઇ પણ સાચો માતૃભક્ત પુત્ર માતાની આવી પ્રસિદ્ધિથી ખૂશ થાય નહિ જ. બલ્કે એનો પ્રચણ્ડપણે પ્રતિકાર કરે જ. અને તો જ એ પુત્રની માતૃભક્તિ અવિચલ રહી શકે છે.

આ જ ન્યાયે; દેવાધિદેવ મહાવીર પ્રભુના જ અનુયાયીઓ; 'રાષ્ટ્રીય સ્તર'ની પરમાત્મા મહાવીરદેવની ઉજવણીનો વિરોધ કરે છે.

વિરોધ કરનારાઓ ઘણાં જૈનાચાર્યો અને જૈન સાધુવરો પૈકીના એક વિરોધક છે; સિદ્ધાન્ત-શાસ્ત્રના મહાનિપુણ; અને કર્મશાસ્ત્રના અદ્વિતીય વિદ્વાન્; ત્રણસો મુનિવરોના પ્યારા પરમ ગુરુદેવ સ્વ. આચાર્ય-શિરોમણિ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન અને મારા પ્રગુરુદેવ મુનિવર શ્રી**મદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ**!

પૂ. પ્રગુરુદેવશ્રીનો જે ઉગ્ર વિરોધ છે એને સમજવા માટે આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી થઈ પડશે. પૂ. પ્રગુરુદેવશ્રીની '**ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ શા માટે?**' એ વિષય ઉપર એક જાહેર ધર્મદેશના નગરશેઠના વંડામાં તા. ૨૧-૪-૭૪ અને રવિવારના રોજ યોજાઈ હતી. એ નિમિત્તે અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ તરફથી જાહેર આમંત્રણ પત્રિકા પ્રગટ કરાઇ હતી જે આ પુસ્તિકામાં અન્યત્ર આપવામાં આવી છે. ૭ હજાર માનવોની જંગી મેદની વચ્ચે અને ૪૦ સાધુ અને ૧૦૦ સાધ્વીઓની ઉપસ્થિતિ વચ્ચે; પૂ. પ્રગુરુદેવશ્રીનું હૃદયંગમ અને તર્કબદ્ધ પ્રવચન; સવારના ૯ વાગ્યાથી ૧૧॥ વાગ્યા સુધી ચાલ્યું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ પ્રવચનની અવધારણા કરી લઇને અને; સંક્ષિપ્ત નોંધ કરી લઈને ત્યારબાદ મેં પરિશ્રમ પૂર્વક એ પ્રવચનને સુવિસ્તૃત રીતે લખી લીધું; જે આજે પુસ્તિકા રૂપે તમારા હસ્તકમળને શોભાયમાન બનાવી રહ્યું છે.

પૂ. પ્રગુરુદેવશ્રીના રાષ્ટ્રીય ઉજવણીના વિરોધને વ્યક્ત કરતાં ઘણાં પેમ્ફલેટો; પુસ્તિકાઓ તથા પોસ્ટરો; આજ પૂર્વે પ્રગટ થઈ ચૂકયાં છે.

તેમ છતાં એ સહુમાં વિશિષ્ટ ભાત પાડતી પૂ. પ્રગુરુદેવની આ પ્રવચન પુસ્તકા; જો તમારા અંતરમાં રાષ્ટ્રીયસ્તરની ઉજવણીની ભયંકરતાને સમજાવી જાશે તો; આ પુસ્તિકાને પ્રગટ કરવા પાછળ કરાએલો મારો પુરુષાર્થ સાફલ્યને આંબશે.

કોઈ પણ જાતના પૂર્વગ્રહ અને દુરાગ્રહ વિના, આ પુસ્તિકાનું રાષ્ટ્રીય ઉજવણીના સમર્થકો પણ જો મનનપૂર્વક વાંચન કરશે, તો જરૂર એમને પણ એમની ક્ષતિઓની સાક્ષાત્કૃતિ થશે જ. એવી મારી દઢ આશા છે.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી
જ્ઞાનમંદિર, કાળુપુર રોડ
અમદાવાદ-૧.
તા. ૨૩-૪-૭૪
તિથિ વૈ. શુ. ૧

લિ.
પરમગુરુદેવ
સૂરિપ્રેમ-ચન્દ્રશેખર-જયચન્દ્ર
ચરણારવિન્દમકરન્દેન્દિન્દિર
મુનિ ભાનુચન્દ્રવિજય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમદાવાદના સકળ સંઘને ભાવભર્યું

આમંત્રણ

# જાહેર પ્રવચન

અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે સિદ્ધાન્ત મહોદધિ સચ્ચારિત્ર ચૂડામણિ, કર્મશાસ્ત્ર નિપુણમતિ, પૂજ્યપાદ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** સાહેબના શિષ્ય પૂજ્યપાદ **મુનિશ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ** સાહેબનું જાહેર પ્રવચન નગરશેઠના વંડામાં રાખવામાં આવેલ છે.

રાષ્ટ્રીયસ્તર ઉપર જે વીર–નિર્વાણની ૨૫ મી શતાબ્દિની ઉજવણી થવાની છે તેના અંગે બે પ્રકારના વિચારો વહી રહ્યા છે. આ અંગે ઉપરોક્ત મુનિશ્રી વિસ્તારથી પ્રકાશ પાડીને દરેક વિગતો સાથે સમજૂતિ આપશે.

અમારી સહુને હાર્દિક વિનંતિ છે કે આ પ્રવચન સાંભળવા માટે આપ સહુ અવશ્ય પધારશો. કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના જો આ પ્રવચનનું શ્રવણ કરવામાં આવશે તો ઘણી મૂંઝવણો અને ગેરસમજો દૂર થઈ જશે, એવી અમારી શ્રદ્ધા છે.

વિષય :

## ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ શા માટે ?

**સમય :** રવિવાર તા. ૨૧–૪–૭૪ સવારે ૯–૦૦ થી ૧૧–૦૦

**સ્થળ :** નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ, **અમદાવાદ–૧,**

લિ.

○ અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ શા માટે ?

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतम प्रभुः ।
मङ्गलं स्थूलभद्राद्या जैनधर्मोऽस्तु मङ्गलम् ॥

**ત્રણ મંગલોનો વિરહ :—**

અનન્ત ઉપકારી તીર્થંકર **પરમાત્મા દેવાધિદેવ મહાવીરસ્વામિજી** એ આ જગત્નું એક ઉત્કૃષ્ટ મંગળ છે. બીજું મંગલ ગણધર ભગવાન ગૌતમ સ્વામિજી છે. ત્રીજું મંગલ મહામુનિ કામવિજેતા ભગવાન સ્થૂલભદ્રાદિ છે.

આ ત્રણે વિશ્વના ઉત્કૃષ્ટ મંગલભૂત તત્ત્વો છે. આજે આપણી પાસે આ ત્રણ મંગલો વિદ્યમાન નથી. એ મંગલોના અસ્તિત્ત્વથી આપણું જીવન આપણે માંગલ્યથી ભરપૂર કરી શકીએ એવી આજે સ્થિતિ નથી. કેમકે એ મંગલો વિશ્વની આ ધરતી ઉપર આજ હયાત નથી...મહાવિદેહ ક્ષેત્રાદિમાં તીર્થંકર ભગવંતો સદા-સર્વદા ભાવનિક્ષેપે વિહરતા રહે છે. એથી ત્યાં એ ભગવંતો રૂપ મંગલની સર્વદા હાજરી છે. આ ભરત ક્ષેત્રાદિમાં આ મંગળોનો આજ વિરહ છે.

**સદ્ભાગ્યે એક મંગલ વિદ્યમાન :—**

પરંતુ આપણું એક મહદ્સદ્ભાગ્ય એ છે કે એ ત્રણ મંગળોનું જનક જે મંગળ છે એ આજે ય હયાત છે. આ પૃથ્વી ઉપર-આપણે જ્યાં રહીએ છીએ-ત્યાં આજે પણ ચોથું મંગળ વિદ્યમાન છે. કે જે મંગળનું નામ 'જૈનધર્મ' છે. જૈનધર્મ કહો; જિનશાસન કહો; જિનધર્મ કહો; એ બધુંય એક છે. આ ચોથું ઉત્કૃષ્ટ જ નહિ; સર્વોત્કૃષ્ટ મંગળ છે. જે મંગળ પૂર્વના ત્રણેય મંગળોનું ઉત્પાદક છે. ત્રણેય મંગળોની જનેતાસમું અને નોંધારાના આધાર સમું આ મહામંગળ-જૈનધર્મ એ આજે ય આપણાં સદ્ભાગ્યે વિદ્યમાન છે.

**અનાર્ય કરતાં આર્ય દેશોની સંસ્કૃતિ મહાન્ કેમ ?**

અનાર્ય દેશોની જે સંસ્કૃતિ છે એના કરતાં આપણાં આર્યદેશોની સંસ્કૃતિઓ ઘણી જ મહાન્ છે. ખૂબ જ ગૌરવવન્તી છે. અત્યન્ત તેજસ્વી છે. એનું કારણ પણ આ જ છે કે આજે ય જૈનધર્મ રૂપ મહામંગળ વિદ્યમાન છે. જૈનશાસન રૂપ આ મહામંગળ જો વિદ્યમાન ન હોત તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આર્યદેશોની આપણી સંસ્કૃતિઓ આટલી જાજ્વલ્યમાન ન જ હોત...આર્યદેશની સંસ્કૃતિઓ ઉપર સર્વત્ર આ જૈનશાસનરૂપી મહામંગળના અમી-છાંટણાં થયા છે. અને એથી જ આર્યાવર્ત્તની સંસ્કૃતિઓ આજે ય ગૌરવ-વંતી જોવા મળે છે. આ જ હેતુથી આપણી વિવિધસ્તરની સંસ્કૃતિઓ અતિશય મહાન્ છે.

**સંસ્કૃતિ સાટે બલિદાન :—**

આવી અત્યુજ્જવળ આર્ય સંસ્કૃતિઓના રક્ષણ કાજે આપણા દેશમાં અનેકાનેક બલિદાનો અપાયાં છે. લોહીઓ છંટાયા છે. સતીઓએ જૌહર કર્યા છે અને પુરુષોએ પોતાનું પૌરુષ દાખવ્યું છે. સંસ્કૃતિની સામે જ્યારે સમશેરો વીંઝાઈ; ત્યારે આપણા સંસ્કૃતિપ્રેમી વીરપુરુષોએ એવા બલિદાન આપ્યા છે કે જેને સાંભળતાં પણ આપણાં રોમાંચ ખડા થઈ જાય.

**બૌદ્ધધર્મનો પ્રચાર :—**

ઘણાં વર્ષો પૂર્વે ભારતની અંદર બૌદ્ધ સંસ્કૃતિનો પ્રચાર વ્યાપક બની રહ્યો હતો. બૌદ્ધધર્મ નિર્વાણ પદને તેવા પ્રકારે નથી માનતો કે જેવા પ્રકારે વૈદિક ધર્મવાળાં અને જૈન ધર્મવાળા–આપણે બધાં–માનીએ છીએ. એ નિર્વાણનો અર્થ એવો કરે છે કે આત્માનું દીપકની જેમ સંપૂર્ણપણે બુઝાઈ જવું ! વૈદિકો અને જૈનો આપણે નિર્વાણનું સ્વરૂપ 'આત્માનું સચ્ચિદાનન્દ ઘન સ્વરૂપનું પ્રગટીકરણ થવું' તેવું માનીએ છીએ. આત્મામાં સત્ ચિત્ અને આનન્દમયતા ઉત્પન્ન થવી એ આત્માની મુક્તિ છે. એ આપણો અને વૈદિકોનો મત છે.

**કુમારિલ ભટ્ટની આંતરવ્યથા :—**

બૌદ્ધદર્શને આત્માનું સચ્ચિદાનન્દમય જે નિર્વાણ સ્વરૂપ છે એનો લોપ કરવા માંડયો. વૈદિક અને જૈનદર્શનને અભિમત આત્માના નિર્વાણ-માર્ગનો વિલોપ કરવાનો પ્રારંભ કર્યો, ત્યારે એક સંસ્કૃતિપ્રિય હૈયું આ વાત ખમી શકયું નહિ.

કુમારિલ ભટ્ટ નામના બ્રાહ્મણ પંડિત કે જેઓ મીમાંસા દર્શનના પ્રણેતા છે એ, બૌદ્ધો દ્વારા થતી નિર્વાણપદની આ વિકૃતિને જોઈને કકળી ઊઠયાં. નિર્વાણપદ સાધક સંસ્કૃતિના પ્રખર હિમાયતી કુમારિલ ભટ્ટનો આત્મા અકળાઈ ઊઠે છે. નિર્વાણપદનું વિકૃતસ્વરૂપ એમનાથી જોયું જાતું નથી...અને...એ બૌદ્ધદર્શનનો પ્રતિકાર કરવા માટે સંકલ્પ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બૌદ્ધદર્શન મધ્યમમાર્ગી હતું. એટલે ઉગ્ર દેહદમન અને તપ-ત્યાગાદિનું એમાં વિશેષ જોર નહિ; આથી એમનો મત જલ્દીથી સ્વીકૃત થવા લાગ્યો. તે કાળના રાજાઓ પણ બૌદ્ધધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. પ્રજામાં પણ બૌદ્ધધર્મ વ્યાપક બનવા લાગ્યો. ઝાઝો તપ નહિ અને ઝાઝો ત્યાગ નહિ! મસ્તીમાં રહેવું, મોજ કરવી અને મુક્તિ મેળવવી. આવો સરલ માર્ગ કોને ના ગમે? સહુ એનો સ્વીકાર વ્યાપક રીતે કરવા લાગ્યા.

આ જોઈને કુમારિલ ભટ્ટનો અંતરાતમ અતિશય વેદના અનુભવવા લાગ્યો. એનાથી આ ખમી શકાતું નથી...આર્યાવર્તીય સંસ્કૃતિના નિર્વાણ-પદની આ વિકૃતિને એ સહન કરી શકતા નથી. અને કુમારિલ બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા...

**સંસ્કૃતિ પર આક્રમણો અને સપૂતો :—**

અમારી સંસ્કૃતિ ઉપર આક્રમણો ઘણાં આવ્યા છે. ઘણના ઘા ઝીંકાયા છે આ સંસ્કૃતિ ઉપર! કોરડાં વીંઝાયા છે! ગોળીઓ છૂટી છે! અને સંસ્કૃતિની તોતીંગ ઈમારતોને તોડી નાંખવા માટે વિદ્રોહીઓએ તન-તોડ મહેનતો કરી છે...પણ?...પણ...અમારે ત્યાં સપૂતો ય ઘણાં પાકયાં છે. વીરોનો વિરાટ ફાટયો છે. સંસ્કૃતિદ્રોહકોના દાંત ખાટા કરી નાંખે એવા વિરાટ શક્તિવાળા સંરક્ષકો પાકયા જ છે. આક્રમણોની સામે પ્રતિ-આક્રમણો કરીને એ દ્રોહીઓને ખબર પાડી દીધી છે અમારા વીર-સપૂતોએ! અને અમારી સંસ્કૃતિની ઈમારતોની કાંકરી ખરાવનારની જ કાંકરીઓ ખરાવી દીધી છે. આ કુમારિલ નિર્વાણસાધક સંસ્કૃતિનો એવો જ સંરક્ષક હતો. સંસ્કૃતિની રક્ષા સાટે પ્રાણની ન્યોચ્છાવરી કરવાની ખેવના ધરાવનાર હતો....એણે બૌદ્ધશાસ્ત્રોનો પ્રકાંડ અભ્યાસ કરીને; એ શાસ્ત્રોની નબળી કડીઓ પકડી લીધી...ત્યાર બાદ બૌદ્ધ બની ગએલાં રાજાઓ પાસે જઈને એણે વાદ કરવા માટે આહ્વાનો આપ્યાં. રાજાઓની ખુશામત કરવા કાજે બૌદ્ધ પંડિતોમાં રૂપાંતરિત થઈ ગએલા; બ્રાહ્મણ પંડિતો સાથે વાદ કરીને; કુમારિલ ભટ્ટે ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો. નિર્વાણપ્રાપક-સંસ્કૃતિની શાન બઢાવવા કાજે એણે તનતોડ યત્ન આદર્યો. પરંતુ...કમનશીબી એ બની કે રાજાઓ કહેવા લાગ્યાં કે, "કુમારિલ! વાદ તમે ભલે જીતી ગયા! યુક્તિઓ ભલે તમારી પાસે વધારે રહી! પરંતુ અમે તો બૌદ્ધ ધર્મને જ સ્વીકારશું. બૌદ્ધ દર્શનનો પરિત્યાગ અમે કરી શકનાર નથી...અમને તો એ જ ધર્મ ગમે છે." કુમારિલની આંતર વેદના વધી જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

### કુમારિલ; એકની શોધમાં :—

ઠેર ઠેર વાદો કરીને, વિજય પ્રાપ્ત કરીને, એ બૌદ્ધ સમ્મત નિર્વાણનો છેદ ઉડાડે છે. આર્ય-સંસ્કૃતિને માન્ય નિર્વાણ માર્ગની સ્થાપના કરે છે. છતાં ય...એને એના કાર્યમાં સફળતા સાંપડતી નથી...રાજાઓ અને પ્રજાઓ બૌદ્ધ ધર્મનો ત્યાગ કરવા તૈયાર થતાં નથી.

અંતે કુમારિલ એક યુવાનની શોધમાં નીકળે છે કે જે એના 'મિશન' ની દોરીને આગળ ધપાવે...જે એના શુદ્ધ નિર્વાણની વિચારધારાને વિશ્વમાં પ્રસરાવીને વિકૃત નિર્વાણની વિચારધારાને તોડે.

કુમારિલને એકની જ જરૂર છે.એને ઘણાં ખપતાં નથી...એક પણ વીર સપૂત એને મળી જાય એટલે એ પોતે આત્મ સંતોષ માણી લેવા તૈયાર છે.

### કેસરિયાં કરનારને બહુમતિ ન ખપે :—

જેને કેસરિયાં જ કરવા છે એને ઘણાંની જરૂર નથી. ઘણાંની જરૂર તો યુદ્ધમાં લડીને વિજય મેળવવાની ખેવનાવાળાંઓને હોય...કેસરિયાં કરનારાઓ લઘુમતિ કે બહુમતિનો વિચાર કરતાં નથી. ધર્મશાસનની સંરક્ષા કાજે એ લોકો બહુમતિના કુ-ખ્યાત તૂતનો વિચાર સુદ્ધાં કરતાં નથી.

જેને બલિદાન જ દેવું છે; જેને જીવનનું અર્પણ જ કરવું છે; એને ઘણાંની જરૂર શી ? અમારે ત્યાં ધર્મસંતો પહેલાં ખૂબ જ સક્રિય બને; અથાગ પ્રયત્નો કરે, ધર્મ રક્ષા કાજે તમારા જેવાઓને જગાડવા માટે રાડો પાડે; ધર્મસભાઓ યોજે; અને સંસ્કૃતિ રક્ષા સાટે કટિબદ્ધ બનવાનું એલાન પણ કરે; તો ય...જો તમે ન જ જાગો તો પછી અંતે; સંતો સક્રિયતામાંથી નિષ્ક્રિયતા તરફ વળે; પૂર્ણ નિષ્ક્રિય બની જાય...એમની એ નિષ્ક્રિયતામાંથી જ પછી સક્રિયતાનું પુનર્નિર્માણ થાય.

બલિદાન દેવા કાજે સંતોને તૈયાર થવું પડે. કેસરિયાં કરવા સાટે સજ્જ બનવું પડે. બલિદાન કોઇના નિષ્ફળ જતાં જ નથી...

બલિદાન ક્યારે ય પણ સફળ થાય છે. બલિદાન દેનારાને પછી ઝાઝાં-ઓછાંની ચિંતા રહેતી નથી.

જીજીબાઈ એક જ હતાં...સ્વામી કોંડદેવ એક જ હતાં...જેણે જીજીબાઇના પેટે અવતરેલાં શિવાજીને 'શિવાજી' બનાવવાનું કામ કર્યું હતું ! શિવાજી એક જ હતાં...અને એ શિવાજીને શૂરવીર બનાવવામાં પ્રચંડ પ્રેરણા પાનાર રામાયણનો અરણ્ય કાંઠ પણ એક જ હતો. બધું જ એક !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છતાં એ એક–એકનો સરવાળો જ ધર્મ–સંસ્કૃતિના ધ્વજને ઊંચે આભમાં લહેરાવે છે.

કુમારિલ એકની શોધમાં છે એને એક જ ખપે છે મર્દ, શૂરવીર અને ધર્મ રક્ષા સાટે પ્રાણ ધરનાર જવાંમર્દ!

**સપૂતો મળી જ રહે છે :—**

અને કુમારિલ નિર્વાણસાધક સંસ્કૃતિની ઘોર ખોદતી બૌદ્ધની નિર્વાણ માન્યતાના પ્રચણ્ડ પ્રચારથી દુઃખી થઈને; ત્રાસી જઇને; સંતપ્ત બની જઇને; ગામ બહાર મોટી તુષની ગંજી ઊભી કરાવે છે. ઘઉંના છોતરાંના ઢગલાં ઉપર જઇને કુમારિલ બેસે છે. નીચેથી એ ગંજી ધીરે ધીરે સળગાવાય છે. ધીરે ધીરે આખી ગંજીમાં દાહકતા ઉત્પન્ન થવા માંડે છે. ઉપર બેઠેલો કુમારિલનો દેહ પણ તપી રહ્યો છે. શાંત અને ધીરે ધીરે સળગતો એ અગ્નિ કુમારિલને બે–ચાર કલાકમાં ભડથું કરી નાંખતો નથી. પરંતુ દિવસોના દિવસો જાય છે અને કુમારિલ શેકાતો જાય છે.

એના હૃદયમાં એક જ તમન્ના છે કે મારી સંસ્કૃતિની થઈ રહેલી આ ક્રૂર હાંસી; કોક દી' મને જોતાં, કોઈના હૈયાને અડી જાશે. હું સળગી રહ્યો છું એ જોઈને કોઇ મને પૂછશે 'તમે કેમ બળી રહ્યા છો?' ત્યારે મારી આંતર વ્યથા હું એને કહીશ. આમ મારું આ મૃત્યુ નિહાળતાં કોકનો આતમ જાગશે અને મારી સંસ્કૃતિને એ બચાવશે.

કુમારિલ બલિદાન દેવા તૈયાર થઈ ગયો છે. એનું એ બલિદાન એળે જાતું નથી. એ જે કોઇ યુવાનની શોધમાં છે એ યુવાન એને એક દી' મળી જાય છે. બલિદાન કોઇના એળે ગયા નથી અને જશે પણ નહિ.

લોકો બધાં એને જોવા જાય છે. પરંતુ કોઇ પૂછતું નથી કે 'ભાઇ! તમે કેમ બળી મરો છો?' દૂર–સુદૂર એક યુવાન ઊભો હતો. એ જઇ રહેલાં લોકોને પૂછે છે, 'ભાઇઓ! તમે બધા ક્યાં જાઓ છો?' ત્યારે લોકો જવાબ આપે છે. 'એક મહાન્ પંડિત બળી મરે છે એને જોવા જઇએ છીએ?' ત્યારે એ યુવાન પૂછે છે 'એ કેમ બળી મરે છે?' લોકો કહે છે 'એ અમે પૂછ્યું નથી.'

યુવાન અકળાઇ ઊઠીને કહે છે, 'અરે! તમે બધાં બળી મરતાં પંડિતને જોવાં જાઓ છો? તમે કોઈ પૂછતાં ય નથી કે 'ભાઈ! તમે કેમ મરી રહ્યાં છો?' એટલાં બધાં તમે સ્વાર્થનિપુણ બની ગયા છો?' એ યુવાન લોકોની સાથે સાથે કુમારિલના દહન સ્થળે આવી ઊભે છે. આવીને દ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનેલાં કુમારિલને જોતાં જ એ અકળાઇ ઊઠે છે. ઉતાવળે એ કુમારિલને પૂછે છે. 'ઓ મહાપંડિત ! તમે કેમ આમ મરી રહ્યા છો ? આ તમારી બળતી ઝળતી કાયા મારાથી જોઇ જાતી નથી.'

ત્યારે આનંદિત બની ગયેલાં કુમારિલ મનોમન બોલી ઊઠયાં ! 'મારા આંતરનાદને સાંભળનાર યુવાન આજ મને મળ્યો ખરો ! મારૂં મૃત્યુ પણ હવે મંગલ બની જાશે.'

કુમારિલ યુવાનને કહે છે, 'ભાઇ ! તું મારી આ બળતી–ઝળતી કાયા જોઇ શકતો નથી. મારી અને તારી સંસ્કૃતિ–માતા મરી રહી છે. એની બળતી–ઝળતી કાયા તું જોઇ શકે છે ? ઓ ! નવયુવાન ! મારી કાયા–બળતી–ઝળતી તારાથી જોવાતી ના હોય—તો તું સંસ્કૃતિમાતાના ખેંચાઇ રહેલાં ચીરની રક્ષા કરવાના શપથ લે. બૌદ્ધો આજ આપણાં સદ્ચિદાનંદ ઘનસ્વરૂપ નિર્વાણપદને ઉડાડી રહ્યાં છે. એને પરાસ્ત કરીને અહીંથી હાંકી કાઢવાનો સંકલ્પ કર ! હું આ સંસ્કૃતિના થઈ રહેલા વિનાશને જોઈ શકતો નથી, એથી જ મારી કાયાને આજ જલાવી દઉં છું !'

યુવાનનું હૃદય કમ્પી ઊઠે છે. કુમારિલની મનોવેદનાને એ યથાયથ રીતે પરખી જાય છે અને તે જ ઘડીએ હાથમાં પાણી લઈને સોગન્દ લે છે. 'ઓ ! મહા–પંડિત ! તમારી આ સંસ્કૃતિ–ભક્તિને મારા લાખ-લાખ વંદન છે. હું આ હાથમાં પાણી લઈને શપથ સ્વીકારું છું કે મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી હું સત્યનિર્વાણપદસાધક સંસ્કૃતિની રક્ષા કાજે પ્રયત્ન આદરીશ...સત્યનિર્વાણપદસાધક સંસ્કૃતિની રક્ષા કાજે હું અથાગ પ્રયત્ન કરીશ. મારા જાનની ફેસાની કરી દઇશ...તમે નિશ્ચિંત બની જાઓ..'

યુવાનના એ શબ્દો સાંભળીને આનંદવિભોર બની ગએલા પંડિત કુમારિલ ત્યારે મૃત્યુને વરે છે. દગ્ધ એમનો કાયામાંથી પ્રાણ પંખેરું ઊડી જાય છે. પોતાના 'મિશન'ને આગળ ધપાવનાર કોઈ માડી જાયો પોતાને મળી ગયો એનો આત્મ–સંતોષ લઈને !

**ભોગીઓને ભાન ન હોય ! :—**

મારે એ કહેવું છે અમારી આ સંસ્કૃતિની રક્ષા કાજે કેવાં કેવાં બલિદાનો અપાયા છે, એ તમને ખબર છે ? ધર્મશાસનની રક્ષા ખાતર કેવું લોહી નીચોવ્યું છે ધર્મસંતોએ ! એની તમને ભોગભૂખ્યા માનવોને કયાંથી ખબર હોય ? ભોગીઓને એની કશી ગતાગમ હોતી નથી. ઉલટું એ ભોગી ભ્રમરો તો અમારા જેવા ધર્મશાસનના રખોપાઓને રોકવા આવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. ધર્મ-રક્ષા માટે લોહી રેડનારા સાધુઓની નિંદા-ટીકા કરવામાં એવાં તો પાવરધાં હોય છે કે જાણે એમાં બધું'ય ભાન ભૂલી જતાં હોય છે.

આવી પરિસ્થિતિ છે, છતાં અમારે તમને આ બધું સંભળાવવા આવવું પડે છે, તમે અમારે ત્યાં સાંભળવા ના આવો; તો અમારે દુકાનદાર મટીને ફેરિયા બનીને પણ તમારે ત્યાં આવવું પડે છે. એટલે જ આજે અહીં આટલે દૂર તમને સંભળાવવા આવ્યો છું. તમને ભૂખ ન હોય તો ય અમારે ભોજન કરાવવું પડે છે. મૂડ ના હોય તો ય અમારે સંભળાવવું પડે છે. કેમકે અમારે માથે આ સંસ્કૃતિરક્ષા કરવાની મોટી જવાબદારી આવી પડી છે.

### ત્રિભેટે ઊભાં છીએ :—

પેલો યુવાન સંસ્કૃતિ-રક્ષા કાજે જીવન યાહોમ કરવાનું વચન આપે છે અને કુમારિલ આત્મતોષ સાથે પ્રાણ ત્યાગે છે.

આજે આપણે એવા ત્રિભેટે આવીને ઊભા છીએ કે સંસ્કૃતિ અને ધર્મશાસનને સંરક્ષવાની મહાન્ જવાબદારી આપણાં ઉપર આવી ઊભી છે. આજના સમયમાં વૈદિક સંસ્કૃતિના કિલ્લાં તૂટી રહ્યાં છે. જૈન સંસ્કૃતિના તૂટવાની તૈયારીમાં છીએ. છતાં આપણે એવી અદ્‌ભુત (?) નીંદરમાં પોઢયાં છીએ કે આપણી ફરજોનું પણ આપણને જાણે કે ભાન જ નથી!

### વૈદિક સંસ્કૃતિ ઉપર આક્રમણ :—

વૈદિક સંસ્કૃતિનું ખંડન કરવા માટે 'હરે રામ હરે કૃષ્ણ'ની ધૂન મચાવનારા શરૂ થઇ ગયા છે એ બધાંને 'કૃષ્ણનું ઘેલુ'' લાગ્યું છે એવી તદ્દન જુઠ્ઠી રાડો પાડવામાં આવે છે. આ એક ભયંકર આક્રમણ છે. આની પાછળ જબ્બર જાસૂસી કરવાનું કામ ચાલે છે. આ બધી નક્કર અને પાયાદાર વાતો છે. કલ્પનાના ઘોડા નથી. છતાં જ્યારે અમે આવું બધું કહીએ ત્યારે તમને એમ લાગે છે કે 'મહારાજ સાહેબ ખોટા છે. પાગલ છે...' એની પાછળ કેવું ભયંકર કાવત્રુ છે. એની તમને લોકોને કશી ગતાગમ નથી...આમ વૈદિક સંસ્કૃતિના કિલ્લાઓ ઉપર તો 'હરે રામ હરે કૃષ્ણ' વાળાં હિપ્પીઓએ આક્રમણ શરૂ કરી દીધું છે. ભોગ રસિકોએ પોતાના પ્રતીકશા' ભગવાવસ્ત્રોને ધારણ કરી લઈને 'ભગવો' લજવ્યો છે.

### હવે, જૈન સંસ્કૃતિનો વારો :—

હવે આવે છે જૈન સંસ્કૃતિનો વારો! ૨૫૦૦ વર્ષની વીરનિર્વાણની ઉજવણી એ એનું ઓઠું છે. પૂર્વે અમારાં મંદિરો અને ઉપાશ્રયો ઉપર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુસલમાનો તૂટી પડતાં હતાં...મંદિરો અને મૂર્તિઓને ભાંગીને ખંડિત કરી નાંખતા હતાં. આજ એવું થતું નથી. આજ અમારી મૂર્તિઓને તોડી નાંખનારા યવનો નથી ..અમારા મંદિરો ઉપર ઘણના ઘા લાગતાં નથી.

પરંતુ મંદિરો પ્રત્યેની; મૂર્તિઓ પ્રત્યેની; ઉપાશ્રયો અને સાધુઓ પ્રત્યેની; અમારા અંતરની ભવ્ય ભાવનાઓનાં ભાંગીને ભૂક્કા બોલાવાય છે. એ ભાવનાઓ ઉપર જ ઘણનાં ઘા લાગી રહ્યાં છે. ભાવના રૂપી મૂર્તિઓના ટૂકડા થઈ રહ્યા છે. કોના પ્રતાપે ? જાણો છો ? સેકયુલર સ્ટેટના નામે ચાલતાં પાપી શિક્ષણના પ્રતાપે ! મેકોલેનું આ શિક્ષણ મંદિરો અને મૂર્તિઓ પ્રત્યેની ભાવનાઓનો ભાંગીને ભુક્કો બોલાવી રહ્યું છે.

મેકોલેએ આજથી ૧૦૦ વર્ષ પૂર્વે એના પિતાને લખેલા એક પત્રમાં આ જ વાત લખી છે કે, 'હે પિતાજી ! જો મારું શિક્ષણ બંગાળમાં પૂર્ણ પ્રમાણમાં વ્યાપી જશે તો એક પણ 'આઈડો-લેટર' [મૂર્તિપૂજક] આ બંગાળમાં જીવતો નહિ રહે...'

આવા ભયંકર પત્રો લખાયાં છે. એના નક્કર પુરાવાઓ પણ છે. જોવાં હોય તો આવજો મારી પાસે ! અને આજે ખરેખર એ જ સ્થિતિ જોવાં મળે છે કે મંદિરો અને મૂર્ત્તિઓ પ્રત્યેની અમારા નવયુવાનોના હૃદયમાં કોઈ ભાવના જ જોવા મળતી નથી.

નહિ તો, અમદાવાદમાં બે બે લાખ ઇંડા કેમ વપરાય છે ? જે અમદાવાદમાં સાધુઓ નિરંતર રહે છે. જ્યાં સેંકડો જિન-મંદિરો છે. લાખો શ્રાવકો-જૈનો છે એ અમદાવાદમાં ઇંડાનો આટલો વ્યાપક પ્રચાર કેમ થયો છે ? ઇશ્વર-શક્તિ અને સંત-શક્તિ 'ફેઇલ્યોર' શા માટે થઈ રહે છે ? આ જ કારણ છે કે સહશિક્ષણ; સિનેમા; સંતતિ નિયમન; ગર્ભપાત; છૂટાછેડા; આદિ દ્વારા અમારી સંસ્કૃતિની ઘોર ખોદવામાં આવી છે. જૈન-સંસ્કૃતિ ઉપર પણ એ ઘા લાગવામાં બાકી રહી નથી...આ વાત અમે જ્યારે કહીએ છીએ ત્યારે તમે લોકો 'જમાના'નું નામ આગળ ધરો છો... આ અતિશય ભયંકર બીના છે.

**આર્થિક-સામાજિક અને રાજકીય માળખાઓનો નાશ :—**

હવે આપણે એવા સ્તર ઉપર આવી ઊભા છીએ કે જ્યાં આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક માળખાઓને છિન્ન-ભિન્ન કરવાનું કાર્ય આરંભાઇ ચૂક્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધાર્મિક સિવાયના ત્રણે-આર્થિક-સામાજિક અને રાજકીય-માળખાઓને ખતમ કરવાનું કામ આજની ગવર્નમેન્ટે કરી દીધું છે.

લાયસન્સો-કરવેરાઓ—ઈન્કમ ટેક્ષો—સેલ્સટેક્ષો વગેરે વડે વેપારમાં હસ્તક્ષેપ કરીને સરકારે **આર્થિક** માળખું તોડી જ નાંખ્યું છે; સિનેમા, સહશિક્ષણ, આંતરજાતીય અને આંતરખંડીય લગ્નો વગેરે એવા ભીષણ સાણસા ગોઠવવામાં આવ્યાં છે કે જેનાથી પ્રજાનું **સામાજિક** માળખું ધર મૂળથી સાફ થતું ચાલ્યું છે. અને રાજકીય માળખું પણ તોડી નાંખ્યું જ છે. સમગ્ર રાજ્ય ઉપર સંતશાહી હતી. રાજાશાહી હતી ત્યારે પણ એને માથે સંતશાહી હતી અને એ સંતશાહીની ઉપર ધર્મશાહી હતી. શાસ્ત્રો જેમ કહે એમ ધર્મ-નેતાઓ ચાલતા અને સંતો જેમ કહે એમ રાજાઓ ચાલતા; અને રાજાઓ જેમ કહે એમ પ્રજા ચાલતી..

આમ અમારું સમગ્ર રાજ્યતંત્ર-**રાજકીય** ક્ષેત્ર; સંતશાહી અને ધર્મશાહીનો વિચ્છેદ કરવા દ્વારા છિન્ન ભિન્ન કરી નાંખવામાં આવ્યું...

જે પ્રધાન ખુરશી ઉપર આવે તે પોતાનાં ગજવાં જ તરબતર કરી દેવાની ખેવનામાં રાચતો હોય...જેટલાં રૂપિયા ખર્ચીને પ્રધાનપદું મેળવ્યું હોય; જેટલાં પૈસા પ્રધાનપદ ઉપર આવવા માટે વેરવા પડયાં હોય એ બધાંય ને પાછા મેળવી લેવાનું એને અનિવાર્ય થઇ પડતું હોય છે. પાંચ વર્ષની પ્રધાનપદની સત્તા; સત્તાપ્રાપ્તિ માટે ખર્ચાએલાં રૂપિયા ભેગા કરવામાં જ વહી જાય છે. બિચારા એ પ્રધાનો કરે પણ શું ? એમને એમના પ્રધાનપદનું કોઈ ઠેકાણું નથી એ વાતની ખબર છે. આથી પાંચ વર્ષમાં એ પ્રજાની સેવા કરે કે પોતાની તિજોરી પાછી તરબતર કરવાની વેંતરણમાં પડે ? સત્તાની ખુરશી મેળવવા જેટલાં રૂપિયા ખર્ચવા પડયા હોય એનાથી બમણાં-ત્રણ ગણાં રૂપિયાં જયાં માંડ ભેગા કરે ત્યાં જ એમનું પ્રધાનપદું પૂરું થઈ જાય...

આમ ધર્મશાહી અને સંતશાહીની હકાલપટ્ટી અને જીવનમાં પેસી ચૂકેલો અર્થ સંબંધી ભ્રષ્ટાચાર—એ બે દ્વારા સમગ્ર રાજકીય માળખું ભ્રષ્ટ કરવામાં આવ્યું.

### આનું મૂળ શું ?

આર્થિક-સામાજિક અને રાજકીય આ ત્રણેય માળખાંઓને ભ્રષ્ટ કરી નાખવાનું કામ આ ભારતની ગવર્નમેન્ટ કરી રહી છે. એ વાત ખરી !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ એની પાછળ પણ એનું મૂળ–કારણ પડેલું છે. એની પાછળ એવા ગુપ્ત માણસો કામ કરે છે કે જે આજની ગવર્નમેન્ટ પાસે આ બધું કરાવવાની ફરજ પાડે છે.

અને એ પ્રચ્છન્ન માનવો કોણ છે? એ તમે જાણો છો? એ છે ગોરાઓ...ગોરાઓનું હું નામ લઉં અને તમે બધા ભડકો છો પણ હું શું કરું? વસ્તુ સ્થિતિ જ એવા પ્રકારની છે તો એ કહ્યા વગર ચાલે પણ શી રીતે?

નહિ તો અમારા આ પ્રધાનો શું ભારતની પ્રજા ભૂખે મરતી હોય તો ય પોતાનું ચપ્પણિયું જ ભર્યા કરે? ભારતની ૩૫ કરોડ પ્રજા ભૂખે મરી રહી છે ત્યારે ય ભારતના વડાપ્રધાન ગણાતાં ઇન્દિરા ગાંધી કોઈ જલદ પગલાં ન લઇ શકે? એ એટલાં બધા નાલાયક અને નપાવટ છે શું? ના ના ભાઈ! એ ઇન્દિરાબેન તો બ્રાહ્મણના પુત્રી છે. ભારતીય છે. આર્ય સંસ્કૃતિથી ઓપતી અને પ્રકાશતી ધરતીના છોરું છે. શા માટે એ લાચાર બનીને બધું જોયાં કરે?

પણ કમનશીબી એ વાતની છે કે એ વડાપ્રધાનોને પોતાની ખુરશી સાચવી રાખવાની મેલી મુરાદ છે. આ મેલી મુરાદ એમને પ્રચ્છન્ન રીતે કામ કરી રહેલાં એ ગોરા હાકેમોની આજ્ઞા માનવાની ફરજ પાડે છે.

ઇન્દિરાબેનને જેમ કહે તેમ કરવું પડે છે. જો ન કરે તો એમની ખુરશી સલામત નથી. તેઓ કહે કે 'તમે હુંડિયામણ કમાવો; ગાયોનાં માંસની નિકાસ કરો; તમારા દેશને ઉદ્યોગોની બહુ જરૂર છે. એ માટે લાખો રૂપિયા કમાવો...' તો ઇન્દિરાબેનને એમની ખુરશીની સલામતી ખાતર એ બધુંય માનવું પડે છે અને આમ ભારતની ગાડીને અવળા પાટે ચઢાવવાનું પોતાનું દુષ્ટ કાર્ય એ યુરોપીઅનો હાંસલ કરી રહ્યાં છે.

રાજકીય, સામાજિક અને આર્થિક માળખાઓને છિન્નભિન્ન કરી નાંખવાનું ક્રૂર કામ પણ એ જ ગોરાઓ કરી રહ્યા છે. આ વાત નિર્વિવાદ છે.

**હવે ધાર્મિક માળખાનો વારો :—**

હવે આવ્યો છે ધાર્મિક માળખાંને તોડવાનો વારો...અને એને તોડવા માટે જ ભિન્ન–ભિન્ન રીતિએ જૂદા જૂદા કાવત્રાઓ રચાય છે.

ધાર્મિક માળખાંને તોડવા માટે ઇશ્વરનું અવમૂલ્યન કરવું જ ઘટે... એ અવમૂલ્યન કરે તો જ ઈશ્વરનું વ્યક્તિત્વ તૂટી જાય...ને અધર્મોનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસ્તિત્વ પણ તોડવું જ ઘટે. એ તોડવા માટે ધર્મોમાં ભેળસેળ કરવો પડે. ખિચડો કરવો જ પડે.

ઈશ્વરતત્ત્વનું જે વિરાટ વ્યક્તિત્વ ભારતીય લોકોનાં હૃદય ઉપર જામ થઈ ચૂક્યું છે એને તોડવા માટે ઈશ્વરનું અવમૂલ્યન; અને ધર્મોનું અસ્તિત્વ આટલું બધું જબ્બર પ્રમાણમાં ભારતમાં વ્યાપ્ત છે એને તોડવા માટે ધર્મતત્ત્વમાં ભેળસેળ...; આ બે મહાશસ્ત્રો બનાવાયાં છે.

ઈશ્વરનું અવમૂલ્યન દ્વારા વ્યક્તિત્વ તૂટે અને ધર્મોનું ભેળસેળ દ્વારા અસ્તિત્વ તૂટે તો જ ધાર્મિક માળખાને છિન્નભિન્ન કરવાનું સુશક્ય બને.

**આ જ માટે ૨૫૦૦ની ઉજવણી :—**

ધાર્મિક માળખાને તોડવાના એક કાવત્રારૂપે જ આ; ભગવાન મહાવીર દેવની ૨૫૦૦ મી રાષ્ટ્રીય ઉજવણી ગોઠવવામાં આવી છે.

આ ઉજવણી દ્વારા ધાર્મિક માળખાને છિન્ન ભિન્ન કરવાની મેલી મુરાદ છે...એ માટે ધર્મના બે ચીરા કરવામાં આવ્યા છે. એક તો બિન સાંપ્રદાયિક અને બીજો સાંપ્રદાયિક !

જે ધર્મ-તત્ત્વો બીજા ધર્મોમાં વ્યાપ્ત બન્યાં નથી એ તત્ત્વો સાંપ્રદાયિક ! જૈનધર્મના એવા તત્ત્વો સામાયિક; પૂજા; પ્રતિક્રમણ; રાત્રિ-ભોજન ત્યાગ ઈત્યાદિ છે. આ બધાં તત્ત્વો સામ્પ્રદાયિક છે. કેમકે એ તત્ત્વો માત્ર જૈનધર્મમાં જ છે. અન્ય ધર્મોમાં નહિ !

હવે જૈનધર્મને માન્ય જે બીજા તત્ત્વો માનવતા; દયા; પ્રેમ; કરુણા; અહિંસા; અપરિગ્રહ વગેરે છે એ જૈનધર્મથી ઇતર બીજા ધર્મોમાં પણ વ્યાપ્ત બનેલાં છે માટે જૈનધર્મના ઉપર્યુક્ત આ બધાં તત્ત્વો બિન સામ્પ્રદાયિક છે.

આમાં જે સામ્પ્રદાયિક તત્ત્વો છે એ જ ખરેખર ધર્મનો પ્રાણ હોય છે એને ઉખેડી નાંખ્યા વગર કોઈ પણ ધર્મનો નાશ કદાપિ થઈ શકતો નથી. આ સાંપ્રદાયિક ગણાતાં તત્ત્વોને ઉખેડી નાંખવા માટે બિનસામ્પ્રદાયિક કહેવાતાં તત્ત્વોને મહત્વ આપવામાં આવે છે. માનવતા, દયા, પ્રેમ, વિશ્વમૈત્રી ઈત્યાદિની વાતોને જોર શોરથી બહેલાવવામાં એવી આવે છે કે જેથી પૂજા, પ્રતિક્રમણ વગેરે સાંપ્રદાયિક ગણાતાં તત્ત્વોને જબ્બર આઘાત પહોંચે છે. આ વાતથી આજના બુદ્ધિજીવીઓ અજાણ નથી.

પરમાત્મા મહાવીર દેવ અને તેમનો પ્રકાશિત જૈનધર્મ-એ બેય વસ્તુતઃ અભિન્ન છે. મહાવીર દેવ વિનાના જૈનધર્મની; અને જૈનધર્મ

P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

વિનાના મહાવીર દેવની કલ્પના જ થઈ શકે તેમ નથી. વળી આ જૈનધર્મ વિશ્વ માત્રના જીવોનાં કલ્યાણના આદર્શને વરેલો હોવાથી સાર્વજનિક છે છતાં એ વિશ્વકલ્યાણ; સમ્યગ્દર્શન અને સર્વવિરતિ ચારિત્ર ધર્મને પામ્યા વિના તો શકય જ નથી એવું સ્પષ્ટપણે તેમાં જણાવેલ છે. આ સમ્યગ્દર્શન તથા સર્વવિરતિ ચારિત્રધર્મ તો સંપૂર્ણપણે સામ્પ્રદાયિક જ છે. એટલે વિશ્વકલ્યાણકારી જૈનધર્મ અંતે તો આખોને આખો સામ્પ્રદાયિક સિદ્ધ થઈ જ જાય છે. માનવતા, દયા, કરુણા, અપરિગ્રહ આદિ ગુણો પણ જો સમ્યગ્દર્શનની ભૂમિકા અને દીક્ષાધર્મના લક્ષ્યથી વિરુદ્ધ હોય તો જૈનધર્મને એ માનવતા વગેરે બિલકુલ માન્ય નથી. એવું સ્પષ્ટ વિધાન જૈન શાસ્ત્રોમાં છે. આમ તેના તમામ તત્ત્વો સાંપ્રદાયિક જ બની જાય છે છતાં ય આ ઉજવણીના આયોજકો કહે છે કે 'મહાવીર દેવના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતના સિદ્ધાંતોને વિશ્વમાં પ્રસરાવવાની ખૂબ જરૂર છે માટે આ બિન સામ્પ્રદાયિક (?) તત્ત્વોને પ્રસરાવવાના હેતુથી અમે આ ઉજવણીનું આયોજન કર્યું છે.'

પરમાત્મા મહાવીર દેવના અહિંસા વગેરે તત્ત્વોને ક્ષણભર આપણે બિનસાંપ્રદાયિક માનીને ચાલીએ તો ય આ પ્રચાર અત્યન્ત અહિતકર છે.

પરમાત્મા મહાવીર દેવના અહિંસાદિ સિદ્ધાન્તો અને આજના બુદ્ધિજીવી વર્ગને અનુકૂળ બનતા અહિંસાદિ તત્ત્વો વચ્ચે આભ–ગાભનું અંતર છે. આજના બુદ્ધિજીવીઓ વાંદરા અને સસલાને મારીને માનવોને જીવાડવામાં અહિંસા માને છે ! રિબાઈને મરતાં કૂતરાને શૂટ કરીને મારવામાં 'પોઝીટીવ અહિંસા' માને છે. પરરાષ્ટ્રના લોકોને મારીને સ્વરાષ્ટ્રની રક્ષા કરવામાં અહિંસા માને છે. વાંદરાના કતલખાના કરતાં દેવનારના કતલખાનાને [ રિબામણ વિનાનું હોવાથી ] અહિંસક માને છે ! શું આવી વિચિત્ર પ્રકારની અહિંસા પરમાત્મા મહાવીરદેવની અહિંસા છે ? હરગીઝ નહિ.

આ જ રીતે સામ્યવાદના પ્રચારને આવકારતી ટોચમર્યાદાના અપરિગ્રહને પરમાત્માના અપરિગ્રહના સિદ્ધાન્ત સાથે કશી લેવાદેવા નથી. સામ્યવાદને આમંત્રણ આપતો અપરિગ્રહ તો પરંપરયા વીર–ધર્મનો પ્રધ્વંસક જ છે.

આ રીતે બીજાના સાવ જૂઠા અભિપ્રાયોને પણ સાચા મનાવવા માટે મહાવીરદેવના સ્યાદ્વાદને આગળ ધરવામાં આવે છે, મહાવીરદેવનો સ્યાદ્વાદ એ કંઈ જૂઠને પણ સત્ય મનાવીને, સત્યોની સાથે ભેળસેળ કરતો ખીચડાવાદ નથી !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટૂંકમાં નામ મહાવીર દેવની અહિંસાનું ! અને કામ મહાહિંસાઓને નોતરતી પોતાની અહિંસા ફેલાવવાનું !

એ જ રીતે નામ અપરિગ્રહનું ! અને ધંધો ધર્મધ્વંસી સામ્યવાદને ફેલાવવાનો !

એ જ રીતે નામ અનેકાન્તનું ! અને તેનો ઉપયોગ પોતાની જૂઠી વાતોનો સાચી વાતો સાથે ખીચડો કરવાનો કીમીઓ સફળ બનાવવામાં !

આ તે કેવું વિચિત્ર ! એ વિરોધી અહિંસાને ભેગી કરાય અને પછી સાચી અહિંસાને દૂર હડસેલાય; પછી તે સાચી અહિંસાના દેખાવવાળી જુદી અહિંસાને જગતમાં પ્રસરાવીને ઘોર હિંસાને જ ઉત્તેજન અપાય.

તૂરીઆ અને કારેલાની કલમને ખાતરથી બાંધીને ઉગાડાય છે, આ પછી સાથે વધતાં જતાં વેલામાંથી તૂરીઆનો વેલો કાપી નાંખવામાં આવે છે. પછી કારેલાનો વેલો જ આગળ વધે છે. પછી એની ઉપર જે કારેલા આવે છે એનો દેખાવ તૂરીઆ જેવડો મોટો આવે છે.

જેમ દેખાવ તૂરીઆનો છતાં સ્વરૂપે કારેલું છે. એમ દેખાવ વીરની અહિંસાનો પણ હકીકતમાં ઘોર હિંસાને ઉત્તેજન આપતી હિંસાનો જ વિકાસ થાય છે. આવું જ અનેકાન્ત અને અપરિગ્રહમાં બની રહ્યું છે.

આમ ધાર્મિક માળખાંને તોડવા માટે આ ઉજવણીમાં સાંપ્રદાયિક અને બિન સાંપ્રદાયિક એવા બે ભેદો પાડવામાં આવ્યા છે.

## ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ શા માટે ?

અને આ જ કારણથી અમારે આ ઉજવણીના રાષ્ટ્રીય સ્તરનો વિરોધ કરવો પડે છે.

કેટલાકો એમ પૂછે કે 'શું ત્યારે તમારે ઉજવણીનો વિરોધ નથી ? ઉજવણી માન્ય છે ? એનો 'રાષ્ટ્રીયસ્તર' જ માત્ર અમાન્ય છે ?' તો એનો ઉત્તર એ છે કે અમારે તો ઉજવણી જ ખપતી નથી. હું ઉજવણીનો જ વિરોધી છું. જે ઉજવણીમાં નિર્વાણ–કલ્યાણક–મહોત્સવને સ્થાન ન હોય એવી ઉજવણી જ અમારે ન જોઈએ. જો ઉજવણીનો શબ્દાર્થ એ હોય કે પરમાત્માના નિર્વાણ કલ્યાણકનો શાસ્ત્રીય મહોત્સવ; તો એવી મહોત્સવ સ્વરૂપ ઉજવણી અમને મંજૂર છે. બીજી કોઈ નહિ !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાષ્ટ્રીયસ્તર પરમાત્માના નિર્વાણ કલ્યાણકને ઉડાડે છે. ઇતિહાસનું આજ પુનરાવર્તન થઇ રહ્યું છે. બૌદ્ધોએ ભારતીય દર્શનોને અભિમત નિર્વાણનું સ્વરૂપ ઉડાવ્યું અને કુમારિલ ભટ્ટે પોતાનું બલિદાન અર્પ્યું. આજ એજ ઇતિહાસનું પુનરાવર્તન થાય છે. અમારા તારક તીર્થંકરદેવે પ્રકાશેલું નિર્વાણનું સમ્યક્ સ્વરૂપ રાષ્ટ્રીયસ્તર દ્વારા ઊડી રહ્યું છે.

**આનું પ્રમાણ શું ?**

આ બધાં ગપ્પાં નથી...પૂર્વે અમારું અનુમાન હતું; હવે અમારા એ અનુમાનને અક્ષરશઃ સત્ય ઠરાવતી એફીડેવીટની એ લીટીઓ જરા સાંભળો. એફીડેવીટમાં સાફ લખ્યું છે, કે **'ભારતના ઇતિહાસના સૌથી આદિ ચિન્તકો અને સંતો પૈકી એક ભગવાન મહાવીર હતા. જૈનધર્મનું પાલન કરતાં દરેક જીવનું લક્ષ્ય ત્રણ સિદ્ધાંતો મારફત નિર્વાણ પ્રાપ્ત કરવાનું, અર્થાત્ જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાનું છે. તે સાચું હોય યા ન પણ હોય પણ તેને આ રીટ અરજીના વિવાદ સાથે કશી નિસ્બત નથી'.**

આ લીટીના શબ્દો કેટલાં ભયંકર છે. એનો તમને કાંઇ ખ્યાલ આવે છે? જે નિર્વાણની પ્રાપ્તિ કાજે અમે આજીવન ભેખ લીધો છે અને તમે બધાય એ લેવાની ભાવનાવાળા હોવાથી જ શ્રાવક કહેવાઓ છો એ 'નિર્વાણ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય સાચું હોય યા ન પણ હોય ?' આ કેવા શબ્દો છે, એનો તમને ખ્યાલ આવે છે ? નિર્વાણપદની આના જેવી ક્રૂર મશ્કરી બીજી કઈ હોઈ શકે ?

નિર્વાણના લક્ષ્ય વગરનો ધર્મ અધર્મ છે. નિર્વાણના લક્ષ્ય વગરનું શીલ એ શીલ નથી...કોઇ મનુષ્યને ક્ષય રોગ થયો હોય એથી ડોકટરના સૂચનથી પરાણે બ્રહ્મચર્યનું પાલન કરે તો શું એ ધર્મ બની જાય ખરો ? હરગીઝ નહિ. પેટશુદ્ધિ ખાતર કોઈ ઉપવાસ કરી દે તો એ જૈનધર્મનો ઉપવાસ ગણાય ? નહિ જ. નિર્વાણના લક્ષ્ય વગરનો ધર્મ એ જૈનધર્મ જ નથી...આવા મહાન્ નિર્વાણપદની આ ક્રૂર મશ્કરી નથી તો બીજું છે શું ?

**નિમક-હરામ નહિ જ થઇએ :—**

ભગવાન વીરના શાસનનું લૂણ અમે આજ ખાઈએ છીએ. અને એના નામ ઉપર જ અમે જીવીએ છીએ. તમે લોકો અમારી ભક્તિ પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ જ ભગવાનના નામે કરો છો. હવે અમારાથી નિમક હરામ થવાય એવું નથી. જેના નામે ખાઈએ છીએ; જેના નામે જીવીએ છીએ; એના નામે એના જ ધર્મની ક્રૂર કત્લેઆમ હવે અમે જોઈ શકનાર નથી... નિમક હલાલ થઈશું. નિમક હરામ તો નહિ જ.

અમારો વિરોધ, વિરોધ ખાતર જ નથી. એમ અણુસમજભર્યો પણ નથી જ. કોઈ રાજકીય સ્ટંટ સ્વરૂપ પણ નથી. શાસ્ત્રીયસ્તર ઉપર આચાર્યોના માર્ગદર્શન પ્રમાણે આ જ ઉજવણી નિર્વાણ કલ્યાણ મહોત્સવરૂપે ઉજવાય તો અમને વિરોધ નથી. રાષ્ટ્રીયસ્તર અમને ખપતો નથી... રાષ્ટ્રીયસ્તર એ પોતે જ સ્વયં અશાસ્ત્રીય છે. એ વાત આપણે આગળ ઉપર વિચારીશું.

**ધર્મો રક્ષતિ રક્ષિતઃ ! એ સમજો છો ?**

મારે તમને એ વાત પૂછવી છે કે ધર્મશાસનની રક્ષા ખાતર તમે શું કરવા તૈયાર છો ? ધર્મ તમારી રક્ષા કરે એ તમને અપેક્ષિત છે. ધર્મ-શાસન તમને ઉગારે; એ તમારે ખપે છે. પણ જ્યારે ધર્મશાસન સ્વયં જ આફતમાં હોય ત્યારે એને રક્ષવાની તમારી કોઈ જવાબદારી તમે સમજતાં જ નથી ? ?

કોઈની દુકાને તમે જાઓ અને ત્યાં તમને ચાહ પીવાનું મન થયું પણ એ જ દુકાનદાર જ્યારે તમારે ઘેર આવ્યો હતો ત્યારે તમે એનો ભાવ પૂછ્યો ન હતો. એનું પાણી દ્વારા પણ સ્વાગત તમે કર્યું ન હતું. અને હવે એની દુકાને તમારે ચાહ પીવી છે ? કોઈ પાય ખરું ? ચાહ પાવા તૈયારી નથી અને ચાહ પીવા તૈયારી છે ? આ કયાં નો ન્યાય !

ધર્મ-શાસનનું સંકટના સમયોમાં પણ રક્ષણ કરવું નથી...એની રક્ષા માટે જીવનની ન્યોચ્છાવરી કરવી નથી. અને ધર્મ તમારી રક્ષા કરે; એ તમને બચાવે; અનાદિકાલથી તમારી અને અમારી-સહુની-ઉપર તૂટી પડેલાં વિષય-કષાયોનાં ગીધડાંઓથી રક્ષણ કરે એ કદી બને એવું છે ? પહેલાં ધર્મશાસનની રક્ષા માટે બલિદાન દેવાનું કૌવત કેળવવું પડશે. ત્યાર પછી 'ધર્મ ! તું મને રક્ષ' એવું કહી શકાશે. ત્યારબાદ જ ધર્મ તમારું ભવોભવ સુધી સંરક્ષણ કરશે.

**'રાષ્ટ્રીયસ્તર' ખરાબ કેમ ?**

રાષ્ટ્રીયસ્તર ઉપર આ જે ઉજવણી થઇ રહી છે એ આપણને હરગીઝ મંજૂર નથી...

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાષ્ટ્રીયસ્તર સ્વયં જ અશાસ્ત્રીય છે. તો પછી 'રાષ્ટ્રીયસ્તર ઉપરના જે અશાસ્ત્રીય કાર્યક્રમો છે. એનો જ વિરોધ કરોને? રાષ્ટ્રીયસ્તરનો વિરોધ શા માટે?' આવા પ્રશ્નને સ્થાન જ રહેતું નથી.

દાખલા તરીકે; હું દારૂનો વિરોધ કરી રહ્યો છું. દારૂના વિરોધમાં હું સમજાવું છું કે 'દારૂ પીવો તે પાપ છે. એનાથી આત્માની ખાનાખરાબી સર્જાય છે. વિષય-કષાયોની વૃદ્ધિ થાય છે માટે દારૂ છોડવો જ જોઈએ ઈત્યાદિ ..' તો મારો આ દારૂનો વિરોધ ધાર્મિકસ્તર ઉપરથી થયો...

હવે હું ધાર્મિકસ્તરનો પરિત્યાગ કરીને રાષ્ટ્રીયસ્તરના ફલક ઉપર ઊભો રહું છું. અને દારૂબંધીનો ઉપદેશ આપું છું કે 'ભાઈ! દારૂ પીવાથી રાષ્ટ્રને ઘણું જ નુકશાન થાય છે. રાષ્ટ્રના અર્થતંત્રને ભારે ધોખો પહોંચે છે. રાષ્ટ્રના સંરક્ષણ કાજે આપણે દારૂ છોડી દેવો જોઈએ. ઈત્યાદિ'.

તો મારો આ દારૂબંધીનો ઉપદેશ 'રાષ્ટ્રીયસ્તર' ઉપર ચાલી જવાથી ઉપાદેય ગણાય ખરો? હરગીઝ નહિ. હું સાધુ છું. આથી મારો ઉપદેશ 'શાસ્ત્રીય' જ હોવો જોઇએ. 'રાષ્ટ્રીય' ઉપદેશ ઉપાદેય બનતો જ નથી...

એ જ રીતે ભગવાન પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા જિનમંદિરમાં રહી છે. ત્યાં સુધી જ એ 'પૂજ્ય' કે 'ઉપાસ્ય' બની રહે છે. એ મૂર્તિને પુરાતત્ત્વ-ખાતાવાળાં લઈ જાય. અને મ્યુઝીયમમાં મૂકે. તો એ પૂજનીય કે ઉપાસનીય બનતી જ નથી. કેમકે એ હવે 'રાષ્ટ્રીય' બની ગઈ. રાષ્ટ્રની સંપત્તિ બની ગઇ. માટે આપણાં માટે એ પૂજ્ય કે ઉપાસ્ય રહેતી જ નથી.

સાધુ તરીકે હું જ્યાં સુધી છું ત્યાં સુધી જ તમારે માટે વન્દ્ય અને પૂજ્ય બની શકું છું. હું પણ જો આજ સાધુનો વેશ લઇને રાષ્ટ્રનો કોઇ પ્રધાન બની જાઉં તો તમારે માટે અવન્દ્ય અને અપૂજ્ય બની જાઉં છું. કેમકે સાધુતાના લેબાશમાં હોવા છતાં હું સાધુ ન ગણાઉં.

આથી જ સંબોધસિત્તરી નામના શાસ્ત્રમાં કહ્યું છે કે 'असुइ द्ठाणे पडिया चम्पगमाला न कोरई...सीसे' અશુચિભર્યા સ્થાનમાં ચંપકની માળા પડે તો પણ એ હવે માથે ચઢાવવા લાયક રહેતી નથી...

ચોખ્ખા ઘીનો બનાવેલો; બદામ પીસ્તા આદિથી મઘમઘતો; મોદક (લાડુ); સંડાસને ખૂબ જ સ્વચ્છ અને સાફ કરીને પણ સંડાસમાં જો મૂકો તો એ તમારા માટે ખાવા લાયક રહે ખરો? નહિ જ.

આ જ રીતે અમારો ભગવાન મહાવીર દેવનો નિર્વાણ મહોત્સવ 'રાષ્ટ્રીયસ્તર'ના અશુચિભર્યા સંડાસમાં જઈને પડયો માટે હવે અમારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપાદેય બની શકે નહિ. જો આ જ મહોત્સવ 'શાસ્ત્રીયસ્તરે' હોય તો અમારા માટે આરાધનીય બની રહે છે.

**ઉજવણીમાં અધ્યક્ષતા કોની?**

नारकाऽपि मोदन्ते यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्र्यं कोऽवा वर्णयितुं क्षमः ।।

આવા શ્લોકો દ્વારા જે નિર્વાણ કલ્યાણકોની અમારા શાસ્ત્રોમાં મહત્તા ગવાઇ છે; જે કલ્યાણક મહોત્સવોમાં નારકના જીવો પણ ક્ષણભર મુદિત થાય છે. આવા કલ્યાણક મહોત્સવોની ઉજવણીમાં અધ્યક્ષ કોણ બને ?

આવા પ્રચંડ અતિશયોથી ભરેલાં કલ્યાણક મહોત્સવોમાં અધ્યક્ષ તરીકે જૈનાચાર્યો જ હોવા ઘટે. તમે લોકોએ તો અધ્યક્ષ તરીકે ઇન્દિરા ગાંધીને અને વી. વી. ગિરિને નીમી દીધાં છે. જે લોકોને જૈનધર્મનું વાસ્તવિક જ્ઞાન નથી. ભગવાન મહાવીરદેવ કોણ હતા. એની સાચી સમજ નથી...ભ્રષ્ટાચારો અને લાંચ–રૂશ્વતોથી જેમનાં પક્ષના માણસોનાં જીવનો ભરપૂર છે. એવા માણસો પરમાત્મા મહાવીરદેવની ઉજવણીના અધ્યક્ષ ? અજબ છે ને આ બધાં કૌભાંડો ?

જે ખરા માલિકો છે; એ જૈનાચાર્યો વગેરેને અતિથિવિશેષો બનાવાયા છે. અર્થાત્ મહેમાનો બનાવ્યા..માલિકને મહેમાન બનાવ્યા...અને મહેમાન થવાને જ માંડ લાયક એવા માણસો માલિક બની બેઠા છે. આ કેવી અવળી ગંગાઓ વહી રહી છે ?

આની પાછળ ગંભીર ભેદો પડેલાં છે. એની તમને ગંધ પણ નહિ હોય...હવે જૈનાચાર્યોનું–જૈન સાધુઓનું સંઘ અને શાસન ઉપર જે અધ્યક્ષપણું છે એ એમને ખૂંચી ગયું છે. આથી જ ઉજવણીની સમિતિઓમાંથી જૈનાચાર્યોની અધ્યક્ષપદેથી હકાલપટ્ટી કરી છે. અને અતિથિવિશેષ બનાવીને ખૂશ કરી દીધાં છે.

ભારતની અંદર સાધુ–સંતોનું જે અધ્યક્ષપણું છે એને ખતમ કરવાનું આ ષડ્યન્ત્ર જ છે. તમને આ વાત જલ્દી નહિ બેસે. તમને એમ થશે કે 'મહારાજ ! સમિતિમાં એકવાર અધ્યક્ષપદેથી જૈનાચાર્યોને ઉડાડી દીધાં એટલા માત્રથી કાયમ માટે સંઘના અધ્યક્ષપદેથી દૂર કરી નાંખવામાં આવ્યા છે. એ બધું ષડ્યંત્ર છે. આવી બધી કલ્પનાઓના તરંગોમાં શા માટે રાચવું ?' પરંતુ આ બધા તરંગો નથી. કલ્પનાની પાંખે ગગનમાં ઉડ્ડયન પણ નથી...

કોઈની કલ્પનામાં ન હતું અને રાજાઓનાં રાજ ઉખડી ગયાં...એ રાજાઓને ગોરા-અંગ્રેજો ૩૧-૩૧ તોપોની સલામો આપીને સન્માનતાં... અને એમની રાણીઓ માટે પોતાના દેશમાંથી સારામાં સારી વાળ ઓળનારીઓ લાવી આપતાં. રાજા અને પ્રજામાં વિગ્રહ થાય ત્યારે પ્રજા પાસે દોડી જઈને એ જ ગોરાઓ સમજાવતાં કે 'હે પ્રજાજનો ! આ રાજા તો તમારો ભગવાન કહેવાય...એની કસૂર થઇ જાય તો ય તમારે મન ઉપર નહિ લેવું જોઇએ.' વગેરે વગેરે ...પણ...એ રાજાઓને ભાન રહ્યું નહિ અને એ લોકો પોતાની ફરજો ચૂકયાં અને વિષયોમાં આસક્ત બન્યાં; મોજમજા કરવા લાગ્યાં; અને અંતે એમનાં શાસન એકાએક લૂંટાઇ ગયા...કલ્પનાતીત રીતે એમનું અસ્તિત્વ એ જ ગોરાઓએ ખતમ કરી નાંખ્યું...આજ કોઇ કોઇ રાજાઓ તો બિચારા એવી સ્થિતિમાં મૂકાઈ ગયા છે કે પેટપૂરતું એમને ખાવાનું ય મળતું નથી...

રાજાઓના રાજ્ય શું આમ ઘડીના છઠ્ઠા ભાગમાં ઉખડી જાય એમ હતાં ? ના...છતાં ય અણધાર્યા ઉખડી ગયા...એમ સાધુઓના જૈનસંઘ ઉપરના અધ્યક્ષત્વ અને પ્રભુત્વ ઉખડીને આખા આખા ફેંકાઈ નહિ જ જાય એવું આપણે કઈ રીતે કહી શકશું ? આ ઉજવણીની સમિતિઓમાં ઇન્દિરાબેન અને વી. વી. ગિરિના અધ્યક્ષત્વને નિયુક્ત કરીને જૈનાચાર્યો અને જૈનસાધુવરોનું અધ્યક્ષપણું તોડવું છે એમ કહેવામાં કશું અસંગત નથી...બલ્કે ખૂબ જ યુક્તિપૂર્વકનું આ કથન છે.

## પહેલી મિટિંગમાં 'અતિથિવિશેષો' નાં અપમાન :—

રાષ્ટ્રીયસ્તરની આ ઉજવણીની પહેલી મિટિંગ જ્યારે દિલ્હીમાં ઇન્દિરા ગાંધીના અધ્યક્ષપદે મળી હતી. ત્યારે શું થયું હતું તે જાણો છો ? સૌથી ઊંચા મંચ ઉપર અધ્યક્ષ તરીકે ઇન્દિરા ગાંધી બેઠા હતાં. અને અતિથિ વિશેષ જૈનાચાર્યોને નીચે બેસાડવામાં આવ્યા હતાં. સદ્ભાગ્યે આપણાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનસંઘના કોઈ મહાત્મા ત્યાં હાજર ન હતા. તે સિવાયના ફિરકાના અતિથિ વિશેષ સાધુઓને ઇન્દિરાજીથી નીચા આસન ઉપર બેસાડવામાં આવ્યા હતા. ત્યારે શ્રી કસ્તુરભાઇ લાલભાઈએ એ સાધુઓનું ધ્યાન પણ દોર્યું હતું કે 'આપ સાહેબો અહીં શા માટે પધાર્યા ? વડાપ્રધાન કરતાં આપને નીચે બેસવું પડે એ શું શોભાસ્પદ છે ? આપને અહીં આવવાની કોઇ જરૂર ન હતી...'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ શું થાય ? અતિથિ વિશેષ તરીકેનો મળેલો ચાંદ; આ બધી કામનાઓથી મુક્ત શે રાખે ? એ મિટિંગોમાં સાધુઓને ગાલીચા ઉપરથી પસાર થવું પડે; ઉપર પંખાઓ ફર્યા જ કરે. આમાં કયાં સાધ્વાચારનું પાલન રહ્યું ?

વસ્તુસ્થિતિ એવી અવળી બની ગઇ છે કે તમે જ એમને અતિથિ વિશેષ તરીકે નિમ્યાં...અને હવે જ્યારે મિટિંગોમાં એ બધાં આવે ત્યારે તમને જ એમ લાગે કે 'આ ખોટું થાય છે'. આનો અર્થ શું ? જો આવું ખોટું થયા જ કરવાનું હતું તો શા માટે આ 'રાષ્ટ્રીયસ્તર'નો ફાંસલો ગળામાં નાખ્યો ?

આ બધું કરવા દ્વારા મૂર્તિપૂજક સંઘના સાધુ-સાધ્વીઓનું અને સ્થાનકવાસી સંઘના મહાસતીઓ વગેરેનું નેતૃત્વ ખતમ કરવામાં જ આવી રહ્યું છે.

**શંકરાચાર્યોની સ્થિતિ :—**

શંકરાચાર્યોની શું સ્થિતિ થઈ રહી છે તે જાણો છો ? એમને પગારથી નોકરની જેમ બાંધી દેવામાં આવી રહ્યાં છે. અમુક પગાર એમને આપવામાં આવે અને એમણે અમુક મંદિર આદિનું મુનિમપણું કરવાનું...પુરીના શંકરાચાર્યે જાહેર સભામાં પોતાની આંતર વેદના વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'માલિક એવા અમને આ સરકાર નોકર બનાવી દેવા માગે છે એ અમે હરગીઝ નહિ ચલાવી લઇએ.'

**આ જ સ્થિતિ અમારી કરવી છે ને ?**

આવી જ સ્થિતિ અમારી કરી દેવી છે ને ? સાધુ-સંતોનું નેતૃત્વ તોડયાં વગર કોઇની મેલી મુરાદો બર આવે એમ નથી. ચેરીટી કમિશ્નરો કાલે અમારા વ્યાખ્યાનો ચેક કરશે. આવતી કાલે અમારે વ્યાખ્યાનમાં શું બોલવું છે એ; એ લોકો નક્કી કરશે ? એમાંથી એમને ઠીક ના લાગે એવું બધું એ લોકો 'સેન્સર' કરશે...આવી સ્થિતિ અમારી થાય એ તમને મંજૂર છે ?

**ના છૂટકે કોર્ટનો આશ્રય !**

આવું બધું ઘણું ઘણું અનુચિત રાષ્ટ્રીય ઉજવણીમાં થવાનું જ છે અને થઇ પણ રહ્યું છે. આથી જ અમારે 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ કરવો પડે છે. એટલે અમારે કોર્ટમાં જવું પડે છે. અમને આજની કોર્ટો મંજૂર જ નથી. એનાં કાયદાઓ મંજૂર જ નથી. આજની કોર્ટો વાસ્તવમાં

ન્યાયાલય છે જ નહિ. માત્ર કાયદાલયો જ છે. અમને કોર્ટે જવું જરા પણ ગમતું નથી. પરંતુ ના છૂટકે જવું પડે છે. અમારું કોઇ સાંભળતું નથી. તમારા જેવા કેટલાકો સાંભળે છે તો આગેવાનો અમલ કરતાં નથી. આથી જ અમારે નિરુપાયે કોર્ટનો આશ્રય લેવો પડયો છે. જિત્યા તો ભગવાનના શાસનનો જય જયકાર! અને હાર્યા તો ય અમારી તો કર્મ-નિર્જરા અચૂક જ છે.

**વ્યક્તિ-દ્વેષ જરા પણ નથી :—**

ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'નો વિરોધ હું કોઇ વ્યક્તિ પરત્વેના દ્વેષથી કરું છું એવું રખે માની લેતા! અમને કોઈના ઉપર પણ દ્વેષ નથી. મહાન્ ભોગ આપીને મેળવેલું આ સાધુજીવન કોઇ વ્યક્તિના દ્વેષથી સળગાવી નાંખીએ એટલા મૂર્ખ તો અમે નથી જ. જો કોઇ વ્યક્તિ ઉપર દ્વેષ કરીએ તો સાધુનું સાધુત્વ તો જાય. શ્રાવકનું શ્રાવકત્વ પણ જાય. સમકિતીનું સમકિત પણ જાય. .આટલી વાત તમે બરાબર સમજી લ્યો પછી અમારા ઉપર એવો આક્ષેપ કયારે ય નહિ કરી શકો કે 'મહારાજ સાહેબ તો વ્યક્તિ દ્વેષથી આ વિરોધ કરે છે.'

**'તીર્થંકર' તરીકે ઉજવણી નહિ :—**

આ ઉજવણી રાષ્ટ્રીયસ્તરે થાય છે માટે રાષ્ટ્ર ભગવાન મહાવીર દેવની 'તીર્થંકર' તરીકે ઉજવણી કરી શકતી નથી; કેમકે રાષ્ટ્ર બિન સામ્પ્રદાયિક નીતિને વરેલું છે આથી સામ્પ્રદાયિક એવા 'તીર્થંકર' શબ્દનો એ પ્રયોગ કરી શકે એમ નથી. એ જે ઉજવણી કરે છે તે 'મહાવીરદેવ ભારતના નામાંકિત વ્યક્તિ હતા, મહાન્ ચિન્તક હતા' એ રૂપે જ કરે છે. જે વાત એફીડેવીટના શબ્દોથી અત્યંત સ્પષ્ટ રીતે પૂરવાર થઈ ચૂકી છે.

આપણાં પરમ પિતા પરમાત્માનું તીર્થંકરત્વ ઉડાડી દઈને 'નામાંકિત વ્યક્તિ કે ચિન્તક' તરીકે એમને નવાજવા એ કેટલું ભયંકર છે એ તમે જાણો છો? આ વસ્તુંઓની ગંભીરતા તમારી નજરમાં જલદી આવતી નથી એ ખૂબ દુઃખદ છે. શા માટે 'રાષ્ટ્રીય સ્તર'નો ફાંસો ગળે લગાવ્યો છે? એ લગાવ્યો માટે જ મહાવીરદેવને તીર્થંકર કહી શકાતાં નથી ને? કોણે આવું કરવાનું તમને કહ્યું હતું? હાથે કરીને આવી આપત્તિ શા માટે માથે વહોરી?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જિનશાસન ઉજવણીથી નહિ, આરાધનાથી જીવે છે. :—**

૧૫૦૦ વર્ષે કે ૨૦૦૦ વર્ષે શું આવી ઉજવણીઓ થઈ છે ખરી? તો પછી ૨૫૦૦મા વર્ષે જ આ ઉજવણી શા માટે? 'ઉજવણી નહિ કરીએ તો; સાહેબ! આપણાં માથે બહુ આપત્તિ આવી પડશે' આવું કહેનારા મહાનુભાવોને મારે પૂછવું છે કે ૧૫૦૦મા કે ૨૫૦૦મા વર્ષે ઉજવણી ન કરી તો આપણાં જૈન શાસનની શું હાનિ થઈ ગઇ ? એ તો જરા બતાવો. જૈન શાસન કયા ખાડામાં પડી ગયું ?

શ્રી જિનેશ્વરદેવોનું શાસન આવા ઉજવણીના પ્રચાર તત્ત્વોથી ચાલતું જ નથી. એ તો તપ–ત્યાગ અને તિતિક્ષા ઉપર જ જીવે છે એના ઉપરજ એનું અસ્તિત્વ છે. ઉજવણી ઉપર જિનશાસનનું અસ્તિત્વ નથી.

અને જો જિનશાસન ૨૫૦૦મી ઉજવણીથી ચાલવાનું છે તો પછી વર્ષોના વર્ષો સુધી કરાએલી આપણી ધર્મ–સાધનાઓની; આપણા શ્રાવક શ્રાવિકા અને સાધુ–સાધ્વીના ચતુર્વિધ સંઘની તપ–ત્યાગની આરાધનાની કશી જ કિમ્મત નથી; એમ જ તમારે સિદ્ધ કરવું છે ને?

**શાસ્ત્રીયસ્તરેથી વીરનું જીવન ઓળખાવી શકાય છે :—**

શાસ્ત્રીય ઉજવણી પણ કરવી જ; એમ મારું નથી કહેવું. કેમકે મેં હમણાં જ તમને કહી દીધું કે 'ઉજવણીઓથી જિનશાસન ચાલતું નથી આરાધનાથી જ ચાલે છે અને તેમ છતાં ય જો ઉજવણી શાસ્ત્રીય ઢબે તમારે કરવી જ હોય તો તેમાં વિરોધ નથી. શાસ્ત્રીયસ્તર દ્વારા આપણે 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની પરમાત્માની વિશ્વકલ્યાણ ભાવનાનો પ્રભાવ કયાં નથી સમજાવી શકતા? જગતને કયાં ખબર છે કે દેવાધિદેવ મહાવીર કોણ હતા? એમનું વિશ્વવાત્સલ્ય કેવું વિરાટ હતું? પરમાત્માનું ગૃહસ્થાવસ્થામાં પણ વીતરાગપ્રાયઃ જીવન, જગતને આપણે કયાં નથી સમજાવી શકતા? મોનાલીસાનું એક ચિત્ર! અને એ ચિત્રમાં મોનાલીસા કેવું હસે છે! કેવું સુંદર સ્મિત કરે છે? એના ઉપર મોટાં મોટાં ચિન્તકો ચિંતન કરે છે. લેખકો નિબંધો લખે છે. લોકો એ ચિત્રને જોઇને સ્તબ્ધ થઈ જાય છે!

હું એમ કહું છું એક જ રાત્રિની અંદર ભગવાન મહાવીરદેવ ઉપર ઉપસર્ગોની અફાટ વર્ષા કરી દેનારા સંગમ ઉપર પણ પરમાત્માની કેવી અપાર કરુણા હતી! સંગમ જ્યારે હારીને–કંટાળીને અને થાકીને છેવટે પાછો ફરે છે ત્યારે પરમાત્માના નયનોમાંથી બે આંસુના બુન્દ સરી પડે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે ! આ બે આંસુ ઉપર ચિંતકોને ચિંતન કરવાનું સૂઝતું નથી ? લેખકોને લેખો લખવાનું સૂઝતું નથી ? આ 'બે આંસુ' એ આ જગત્‌ની એક એવી અગમ્ય અને અફાટ શક્તિ ધરાવનારી ચીજ છે કે જે અનેકાનેક જીવોના સમ્યગ્દર્શનનું; માર્ગાનુસારિધર્મનું; અને સર્વવિરતિધર્મનું બીજ બની જાય એમ છે. એ બે બુન્દની મહાનતા પાસે મોનાલીસાનું સ્મિત તો અતિશય તુચ્છ છે.

જગત્‌ને મહાવીરદેવની આ મહાનતા અને આ અફાટ વિશ્વકરુણા આપણે શાસ્ત્રીયસ્તર ઉપરથી કયાં નથી સમજાવી શકતા કે તમારે રાષ્ટ્રીય સ્તર ઉપર જવું પડે છે ?

ભગવાનનું આ અત્યંત શુદ્ધ અને શાસ્ત્રસાપેક્ષ ભગવદ્દસ્વરૂપ આપણે રાષ્ટ્રીયસ્તર ઉપરથી રજૂ કરી શકીએ એમ છે જ નહિ. કેમકે 'રાષ્ટ્ર એ બિન સાંપ્રદાયિક નીતિને વરેલું છે' એમ અમારા જ જૈનો બોલી રહ્યા છે.

**જૈન સિદ્ધાંતો સાથે નિસ્બત નથી :**

એફીડેવીટમાં સરકારે સાફ-સાફ લખી દીધું છે કે 'જૈનધર્મનાં સિદ્ધાંતો સાથે અમારે કશું ય લાગતું વળગતું નથી' આ સિદ્ધાંતો એટલે સામાયિક, પૂજા, પ્રતિક્રમણ વગેરે ! કે જેના ઉપર જ સમગ્ર જૈનધર્મ ટકી રહ્યો છે.

વીરની ઉજવણી ! અને વીરના સિદ્ધાંતોની સાથે એને કશી લેવા દેવા નહિ ! ! આ પણ કેવી આશ્ચર્યકારી વાતો છે ! આ વીરની ઉજવણી નથી આ તો વીરની ઉજવણીના નામે વીરના સિદ્ધાંતોનું ખૂન જ છે.

હું સાધુત્વના વેશમાં રહું અને રાત્રે છાનોમાનો સિનેમા જોવા જતો રહું એ તમે મંજૂર કરશો ખરા ? જો ના, તો એ જ રીતે વીરની ઉજવણીના લેબાશમાં રહીને વીરના સિદ્ધાંતોને અમાન્ય કરી દેવા એ સિદ્ધાંતોનું ખૂન નથી તો શું છે ?

રાષ્ટ્ર જો બિનસામ્પ્રદાયિક નીતિને વરેલુ છે અને એથી વીરના વાસ્તવિક સ્વરૂપને એ રજૂ કરી શકતું ન હોય તો વીરનું નામ લેવાનું બંધ રાખો. વીરની ઉજવણી કરવાનું બંધ કરી દો. ભગવાનનું ભગવદ્દસ્વરૂપ તોડી નાંખીને જો તમારે વીરની ઉજવણી કરવી હોય તો એમાં અમારો મરતાં સુધી વિરોધ રહેશે જ. એ લખી રાખજો.

રાષ્ટ્ર જો એના સિદ્ધાંતોને વરેલું છે અને એથી તે વીરનું સમ્યગ્ સ્વરૂપ રજૂ કરી શકે તેમ નથી તો આપણે શું બધાં સિદ્ધાંત વગરના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છીએ ? એના કરતાં આપણા સિદ્ધાંતો અફર અને અવિચલ છે. આપણા સિદ્ધાંતોથી વિપરીત રીતે વર્તીને એ લોકોના રાષ્ટ્રીયસ્તરને સ્વીકારી લઈએ, એ આપણાથી કદાપિ બને એવું નથી.

**'યુનો'ના આગ્રહથીજ ઉજવણી :—**

સરકારે એફીડેવીટમાં સાફ લખ્યું છે 'ભગવાન મહાવીરની સમાજ-સુધારક અને વિશ્વચિંતક તરીકે ઉજવણી કરવાનું અમને યુનેસ્કો સંસ્થા તરફથી સુચન કરવામાં આવ્યું છે માટે અમે આ ઉજવણી કરીએ છીએ !'

યૂનોના આગ્રહથી જ આ ઉજવણી થાય છે એ વાત હવે તદ્દન ઉઘાડી પડી ગઈ છે. ભારત સરકારને યૂનોનો આગ્રહ મંજૂર ! અને જેની ઉજવણી કરાય છે એ ભગવાન મહાવીર પરમાત્માના સાચા વારસદાર સમા જૈનાચાર્યો અને સાધુઓનો આગ્રહ ના મંજૂર ? આ કેવો ન્યાય છે ?

યૂનો કહે કે 'વિશ્વચિંતક અને સમાજસુધારક તરીકે મહાવીરદેવની ઉજવણી કરો' તો એ મંજૂર ! અને અમે કહીએ કે 'તીર્થંકર ત્રિલોકગુરુ જગદ્દઉદ્ધારક તરીકે પરમાત્મા મહાવીરદેવની ઉજવણી કરો' તો એ મંજૂર નહિ ! આ બધાની પાછળ ભયંકર સ્ટંટ છે. એની તમને જલદી ગંધ નહિ આવે.

યૂનોએ ઉજવણી માટે ભારત સરકારને આગ્રહ કર્યો એટલે યૂનેસ્કો સંસ્થાના સભ્ય તરીકે ભારત સરકારને એ વાત માનવી જ પડી. હવે ભારત સરકાર જૈનશ્રીમંતોને આગ્રહ કરે એટલે એ જૈનશ્રીમંતોને ભારત સરકારની વાત માનવી જ પડે. (નહિ તો શું શ્રીમંતોની શ્રીમંતાઈ જોખમમાં મૂકાઈ જવાની હશે !) અને શ્રીમંતો જૈનાચાર્યોને આગ્રહ કરે એટલે એમને ય 'અતિથિવિશેષો' બનવું પડે અને પછી અમારા એ જૈનાચાર્યો સંઘોને નિવેદનો કરે કે 'વિરોધ કરવો ડહાપણ ભર્યું કામ નથી વગેરે વગેરે...' આમ જૈનાચાર્યો જનસંઘ ઉપર દબાણ કરે...આ બધું કેમ ચાલે ?

**અરરર ! આપણે ૫૦ લાખ માગ્યા !**

અમારા જૈન શ્રીમન્તો ભેગા થઈને ભારત સરકારને કહે કે, "અમારે ભગવાન મહાવીરદેવની ૨૫૦૦મી ઉજવણી કરવી છે તમે ૫...ચા...સ... લા...ખ...રૂ...પિ...યા...આપો...'

શું જૈન સંઘના અગ્રણીઓ ૫૦ લાખ રૂપિયા માટે સરકાર પાસે જાય ? કાલે તમારી સ્થિતિ શું આવશે ? એ ખબર છે ? ૫૦ લાખ આજે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરકારે આપ્યા છે કાલે તમારા મંદિર–ઉપાશ્રયોના પાંચ કરોડ રૂપિયા વડાપ્રધાન માંગશે ત્યારે ના પાડવાની તમારી હિમ્મત છે ખરી ?

આ શું બની રહ્યું છે ? ૫૦ લાખમાં જૈનધર્મને લૂંટાવી દેવા બેઠા છો કે શું ? આ બધું કેમ ચાલે ?

**લાલભાઈએ ૧૧ લાખ ના જ લીધા !**

તમારા જ વંશજો કેવા ખુમારીવાળા હતાં તે તમે નથી જાણતાં શું ?

લાલભાઈ શેઠ ખૂબ જ શ્રદ્ધાળુ અને ધર્મનિષ્ઠ શ્રાવક ગણાતા હતા. સમેત શિખર ઉપર વાઇસરોય સાથે ચઢી રહ્યા હતા. ત્યારે વાઈસરોયે લાલભાઇને કહ્યું કે 'શેઠ ! અમે તમને ૧૧ લાખ રૂપિયા આપીએ તમે સુંદર પગથીઆ બનાવી દો' ત્યારે લાલભાઈએ શું જવાબ આપ્યો એ ખબર છે ? લાલભાઈએ ખુમારી સાથે કહી દીધું કે 'સાહેબ ! ૧૧ લાખ રૂપિયા આપવાની તમારી તૈયારી છે. એ બદલ તમારો આભાર ! પણ મારો જૈન-સંઘ ભિખારી બની ગયો નથી. મારા જૈન સંઘમાંથી માત્ર ૧૧ લાખ માણસો મને ૧–૧ રૂપિયો જ આપે ને, તોય મારું કામ થઇ જાય...મારે આપના રૂપિયા જોઇતાં નથી.'

કેવો ખુમારીભર્યો જવાબ ! અને આપણા આગેવાનોએ ૫૦ લાખ રૂ. વડાપ્રધાન પાસે ભીખી માંગ્યા !! આ જૈનસંઘ માટે શરમજનક નથી ? ૫૦ લાખ રૂ. તો જૈનસંઘ માટે અત્યંત નાચીઝ વસ્તુ છે.

**રાજ્યાશ્રય લેવામાં શું વાંધો ?**

પૂર્વે પણ જગદ્ગુરુ ભગવાન હીરસૂરિજી મહારાજાએ અકબર દ્વારા અને કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચન્દ્રસૂરિજી મહારાજાએ કુમારપાળ દ્વારા રાજ્યાશ્રય લઈને ધર્મનો પ્રચાર કર્યો હતો તો અત્યારે પણ આપણે રાજ્યાશ્રય લઈને ધર્મપ્રચાર કરીએ તો શું વાંધો ? આવો પ્રશ્ન ઘણાં મહાનુભાવોને થાય છે.

પૂર્વે રાજ્યાશ્રય લેવાયા હતાં ત્યારે શું થયું હતું એ જાણો છો ? હીરસૂરીશ્વરજી મહારાજાએ અકબર દ્વારા ૭–૭ મહિના અમારિનું પ્રવર્ત્તન કરાવ્યું હતું. રોજ ૫૦૦ ચકલાની જીભનું માંસ ખાનારો અકબર આવું જબ્બર અમારિ–પ્રવર્ત્તન કરાવી શકે. અને હેમચંદ્રસૂરિજી મહારાજાએ પણ કુમારપાળ દ્વારા ૧૮–૧૮ દેશોમાં અમારિ–પાલન કરાવ્યું હતું...

એ રીતે આજના રાજ્ય દ્વારા અહિંસાનું પ્રવર્ત્તન કરાવી શકાય એમ છે ? આજની સરકાર તો ઉજવણી વર્ષને જૈનોને ખૂશ કરવા 'અહિંસા–વર્ષ' એવું નામ આપે છે અને બીજી બાજૂ એ જ ઉજવણીના 'અહિંસા'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વર્ષમાં ૭૦૦ કરોડ રૂપિયાનું ગાયનું માંસ આરબ દેશોમાં મોકલવાનું નક્કી કરે છે !! કુવૈતના શેખ સાથે એનો સોદો પણ નક્કી થઇ ગયાનું સાંભળ્યું છે. 'અહિંસા વર્ષની' આ તે કેવી મશ્કરી ! ૬ હજાર મોટા મોટા ઢોરો, રોજ જ્યાં કપાય એવા જંગી બીજા ચાર કતલખાનાઓ પણ આ અહિંસાવર્ષમાં શરૂ થનાર છે. આ કેટલી ભયંકર વાતો છે ?

**પરમાત્મા મહાવીરદેવના 'અહિંસા' સિદ્ધાંતની જ ઘોર હિંસા :**

ગાંધીજીની શતાબ્દિ જે વર્ષમાં ઉજવાઈ તે વર્ષે પ્રધાનોએ રેંટીયાં કાંત્યા. ભંગીવાસમાં જઇને નાસ્તા કર્યા; ઝાડૂ વાળ્યું...આમ ગાંધી-શતાબ્દિમાં ગાંધીને પ્રિય ચીજોનું પાલન કરાયું.

ભગવાન મહાવીરદેવ પરમાત્માની ૨૫૦૦મી નિર્વાણશતાબ્દિના વર્ષમાં મહાવીરદેવના અહિંસાનાં સિદ્ધાંતનું જ પાલન નહિ. બલ્કે અહિંસાની જ ઘોર હિંસા !! આ તે કેટલું બેહૂદુ અને વિચિત્ર કહેવાય !

**'સમાજ સુધારક મહાવીર' આ શબ્દો હું સાંભળી શકતો નથી.**

'અકબર દ્વારા અચાર્યદેવેશ હીરસૂરિજી મહારાજાએ પણ રાજ્યાશ્રય લીધો હતો.' એમ કહેનારાઓ જરા આજની સરકાર પાસે અહિંસાવર્ષમાં પણ સંપૂર્ણ અહિંસાનું પાલન કરવાનું વચન તો લઈ આવો. પછી રાજ્યાશ્રય લેવાની વાતો કરજો.

અકબરે ગોવધ-પ્રતિબંધનું જે ફરમાન કાઢયું છે તે એવું અદ્‌ભુત છે કે આપણે વાંચીને વિચારમાં પડી જઈએ કે આવું ફરમાન ઘોરહિંસક એક મુસલમાન રાજા બહાર પાડી શકે છે ?

ભ્રષ્ટાચાર, માંસાહાર અને દુરાચારનો જ્યાં પાર નથી; સુમાર નથી; એવું રાષ્ટ્ર દેવાધિદેવ મહાવીર પરમાત્માની ઉજવણી કરવા કયા મોંઢે તૈયાર થયું છે ? એ જ સમજાતું નથી. અને આવા રાષ્ટ્ર દ્વારા ઉજવાતી ઉજવણી 'સમાજસુધારક મહાવીર' ને બિરદાવશે...! ! હવે તો હું આ શબ્દો પણ સાંભળી શકું એમ નથી કે 'ભગવાન મહાવીર સમાજ સુધારક તરીકે થઈ ગયા છે.'

મારો વિરોધ કોઇ વ્યક્તિ પરત્વે નથી. પરંતુ પરમાત્મા મહાવીર દેવનું જે રીતનું ઘોર અવમૂલ્યન થઈ રહ્યું છે એ મારાથી જોયું જાતું નથી...એને માટે જ મરતાં સુધી વિરોધ કરવાના અમે શપથ લીધાં છે.

**આ અમારા આગેવાન જૈનો બોલે છે ?**

કસ્તુરભાઈ લાલભાઈ, જીવતલાલ પ્રતાપશી, ચંદ્રકાન્ત બકુભાઇ અને અમૃતલાલ દોશી વગેરે શ્રીમંતો એફીડેવીટમાં કહે છે કે 'અમારે અને જૈન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મને કશુંય લાગતું વળગતું નથી. જૈનધર્મની વિધિ મુજબ જેને ઉજવણી કરવી હોય તેને પોતાના ઘેર કરવાની છૂટ છે !'

આ શબ્દો કોણ બોલે છે ? અમારા આગેવાન જૈન શ્રાવકો ? ? અફસોસ !

જે જૈનધર્મના આગેવાન તરીકે તમે છો અને તેથી જ તમને સમિતિમાં દાખલ કરાયા છે, એ જૈનધર્મને અને તમારે કશું ય લાગતું વળગતું નથી ? ?

આ શબ્દો હવે તો અમારાથી સંભળાતા ય નથી ..અને આમ છતાં બીજી બાજુ તમે જ તમારા નિવેદનોમાં એમ પણ કહો છો કે 'આ ઉજવણીથી જૈનધર્મની પ્રભાવના થવાની છે.'

સરકાર તરફથી રજૂ થએલી એફીડેવીટ પણ સાફ જણાવે છે કે 'અમારે જૈનધર્મ સાથે કોઈ નિસ્બત નથી' અને આ આગેવાનો કહે છે કે 'આ ઉજવણીથી જૈનધર્મની પ્રભાવના થવાની છે.' આ બે વાતને મેળ શી રીતે ખાય છે ? જે ઉજવણીમાં જૈનધર્મ જ નથી એ ઉજવણીથી જૈનધર્મની પ્રભાવના શી રીતે થાય ? એ કોક તો સમજાવો !

**'સમાજ સુધારક મહાવીર' કોઈ છે ખરા ?**

રાષ્ટ્રીયસ્તરની આ ઉજવણી 'સમાજ સુધારક વિશ્વ ચિંતક ભારતીય તત્વવેત્તા અને મહામાનવ તરીકે, પરમાત્મા મહાવીરદેવની ઉજવણી કરે છે ! મારું તમને એ પૂછવું છે કે વીતરાગ સર્વજ્ઞ અને તીર્થંકર ન હોય એવા સમાજસુધારક કોઈ મહાવીરનું અસ્તિત્વ આ જગત્માં છે ખરું ?

એક બરફી હોય એ બરફીમાંથી રંગ કાઢી નાંખવામાં આવે; વજન કાઢી નાંખવામાં આવે; અને કોઈ પણ પ્રકારની આકૃતિ કાઢી નાંખવામાં આવે; તો રંગ–વજન અને આકૃતિ (આકાર) વગરની બરફી આ જગત્માં કોઈ હસ્તિ ધરાવે છે ખરી ? જો ના...તો પછી પરમાત્મા મહાવીરદેવમાંથી વીતરાગપણું, સર્વજ્ઞપણું અને તીર્થંકરપણું –એ રૂપી રંગ, વજન અને આકૃતિ કાઢી નાંખવામાં આવે તો પરમાત્મા મહાવીરદેવનું અસ્તિત્વ આ જગત્માં કયાં રહે છે એ તો મને બતાવો ! એવા મહાવીરદેવ એ અમારા ભગવાન નથી...તો તમે કોની ઉજવણી કરવા તૈયાર થયા છો ?

**ગ્રંથોમાં ય શાસ્ત્ર વિરુદ્ધ લખાણો :—**

ઉજવણી નિમિત્તે જે ગ્રંથો–વોલ્યુમો પ્રકાશિત થવાના છે. એમાં પણ શાસ્ત્રથી વિરુદ્ધ લખાણોનો પાર નથી...

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી કસ્તુરભાઇ લાલભાઈએ મને એ લેખો સુધારવા મોકલી આપ્યા હતાં...મેં એમાંથી ઢગલાબંધ અશાસ્ત્રીય પદાર્થો કાઢી નાંખીને પરિમાર્જિત કરીને પરત કર્યા...ત્યારબાદ પાછા મને ક્યાંકથી એ લેખો જોવાં મળ્યા ત્યારે એમાં મારા કરેલાં સુધારાઓ જોવા જ ન મળ્યાં...શાસ્ત્ર વિરુદ્ધ લખાણો એમાં યથાવત્ પડ્યાં હતાં...

હવે અમારે ક્યાં જવું ? અને કોને કહેવું ? આ ગ્રંથો ૧૪-૧૪ ભાષામાં પ્રગટ થશે. અને સત્ય જૈનધર્મનો અને પરમાત્મા મહાવીરદેવના લોકોત્તર વ્યક્તિત્વનો વિશ્વમાંથી વિનાશ નોતરી નાંખશે...

આ લેખોનું જે લેખકમંડળ છે એમાં ઘણાં જમાનાવાદી માણસો બેઠેલાં છે. બધાં ય ગ્રંથો ઉપર અંતિમ નિરીક્ષણ ડો. એ. એન. ઉપાધ્યેનું રહેવાનું છે. આ એ. એન. ઉપાધ્યેને જૈનધર્મનો અને જૈન શાસ્ત્રોનો વાસ્તવિક ખ્યાલ નથી.

ડો. એ. એન. ઉપાધ્યેએ લખ્યું છે કે 'ઉત્તરાધ્યયનસૂત્ર ઘણી વિસંગતિઓથી ભરપૂર છે. માટે એનું સામગ્રિક અધ્યયન કરતાં; એમાં સમગ્રપણે સત્યતાનો વિશ્વાસ કરવો એ આપણો અંધવિશ્વાસ છે.' આવા અતિભયાનક અને શાસ્ત્રશ્રદ્ધાથી ભ્રષ્ટ કરનારા વિધાનો કરનાર માણસ અંતિમ નિરીક્ષક તરીકે નિમાયો છે. આ બધાં ભેગાં થઈને શું કરશે ? તે તમે જ સમજી શકો છો.

વળી એમણે લખ્યું છે કે 'પંડિત સુખલાલ પં. માલવણિયા જિન-વિજય અને મહેન્દ્રકુમાર 'પ્રથમે'; જૈનધર્મ ઉપર ધારાસાર (ધારાબદ્ધ) પ્રકાશ નાંખ્યો છે માટે જેણે જૈનધર્મનો સામગ્રિક અભ્યાસ કરવો હોય એણે એ ચારેયના ગ્રંથોનું અધ્યયન કર્યા વગર ચાલશે જ નહિ' આ પણ કેવું ભયંકર વિધાન છે ? એ સુખલાલ અને માલવણિયા કેવા જમાનાવાદી માણસો છે એની તમને ખબર નથી ? જે સુખલાલ ભગવાનની સર્વજ્ઞતાનો ઇન્કાર કરે છે... ચાર જ તીર્થંકર ઐતિહાસિક દૃષ્ટિએ પૂરવાર થાય છે બીજા તીર્થંકરો ઐતિહાસિક દૃષ્ટિએ પૂરવાર થતા નથી...ઇત્યાદિ ઘોર શાસ્ત્રદ્રોહક વિચારો રજૂ કરે છે એવા પંડિત સુખલાલો અને જે સાધુ-ઓના બ્રહ્મચર્યને વૈકલ્પિક કરવાની વાતો કરે છે એવા માલવણિયાઓએ જૈનધર્મ ઉપર શું ધારાસાર પ્રકાશ નાંખ્યો છે ? એ તો જરા બતાવો ! જૈનધર્મનું મહા-અહિત કરવામાં જેમનો અગ્રિમ ફાળો છે એવા માણસો હવે 'જૈનધર્મના મહાન્ પ્રકાશક' ગણાય છે. આ કેવી કમનશીબી છે ? આના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરથી જ ખબર પડે છે કે આ ગ્રંથોમાં શાસ્ત્ર વિરુદ્ધ કેટકેટલું બફાઈ રહ્યું છે અને હજું ય બફાવવાનું છે ?

**તીર્થો હવાખાવાના સ્થળ ?**

હવે અમારા તીર્થો હવાખાવાના સ્થળમાં રૂપાંતરિત થવા લાગ્યાં છે. જે તીર્થોમાં જઈને આત્માને પવિત્ર અને વિશુદ્ધ કરવાનું કામ કરવાનું છે ત્યાં હવે અપવિત્રતાના અને ઘોર અશુદ્ધિના સ્થાનો ઊભાં થવા લાગ્યાં.

પાવાપુરી–રાજગૃહીમાં એરકન્ડીશન રૂમો, હવાખાવાના સ્થળો; બાગ-બગીચાઓ; ઊભા કરવાની યોજના વિચારાઇ છે. આપણા તીર્થોનું પાવિત્ર્ય ભ્રષ્ટ કરવાનું એ કાર્ય કદી બરદાસ્ત થઈ શકે ખરું ? અને એમ છતાંય આ બધું ય આપણે ચલાવી લેવાનું; એમ ને ?

**યોગ્ય લાગે તો સહી આપો :—**

આવા આવા ઘોર અનિષ્ટોથી ભરેલી આ રાષ્ટ્રીય ઉજવણીનો આપણે તન–મન–ધનથી વિરોધ કરવો જ ઘટે. એ માટે કમમાં કમ તમે સહીઓ આપો. તમારી સહીઓથી ભરેલાં કાગળો વડાપ્રધાન વગેરે ઉપર જશે. સહી યોગ્ય લાગે તો જ આપવાની છે. તમને પોતાને આટલું સમજયા પછી એમ લાગતું હોય કે આ ભયંકર ખોટું થઈ રહ્યું છે —તોજ તમારે સહી આપવાની છે. કોઈના ઉપર બળજબરી કરવામાં આવી પણ નથી. અને આવશે પણ નહિ. કેટલાક સાપ્તાહિક અને પાક્ષિકો તદ્દન જુઠો આક્ષેપ કરે છે કે 'બળજબરીથી સહીઓ કરાવાય છે.' આવા જુઠાણાંઓને ધ્યાનમાં લીધાં વગર તમારી ઇચ્છા હોય તો જ, સહીઓ આપવાની છે.

એક લાખ જેટલી સહીઓ અત્યાર સુધીમાં થઇ ગઈ છે. અને લગભગ ૫૦૦ સંઘોએ સર્વાનુમતે વિરોધના ઠરાવો કર્યા છે. છતાં ય ઉજવણીના પક્ષકારો આક્ષેપ કરે છે કે 'બે–ચાર વ્યક્તિનો જ વિરોધ છે.. બધાનો નહિ' આ બધા ગપ્પાઓ ઉપર ઝાઝું ધ્યાન આપવું નહિ.

**વીરનું સંતાન આ નહિ સહી લે :—**

જુઓ; અમે વીરના સંતાન છીએ. અમે આવા શાસનદ્રોહી કાર્ય-ક્રમોનો વિરોધ કર્યા વગર જંપીશું નહિ. 'સમાજસુધારક, ક્રાન્તિકારી, જ્ઞાતિજાતિના નાશક; સામ્યવાદના પિતા' એવા વિશેષણો અમારા મહાવીર દેવને લગાડાય તો ય અમે ચૂપ જ રહીએ એ કદી બને એવું નથી...

ગર્દભિલ્લ રાજાએ સરસ્વતી સાધ્વીના શીલને ભ્રષ્ટ કરવા જયારે પ્રયત્ન કર્યો ત્યારે ખુદ યુગપ્રધાન આચાર્ય ભગવાન કાલકસૂરિજી મહારાજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યુદ્ધ માટે તૈયાર થઇ ગયા હતાં. 'સાધ્વીના શીલની રક્ષા એ ઉત્કૃષ્ટ ધર્મ છે.' એમ સૂરિદેવના હૃદયમાં અંકિત થઇ ગયું હતું.

અમે એ જ મહાવીરના અને એ જ કાલકસૂરિના સંતાનો છીએ. અમારા સાધ્વીસંઘ ઉપર જ નહિ, અમારા સમગ્ર જિનશાસન ઉપર જ્યારે-આજે-આક્રમણ આવી તૂટયું છે ત્યારે અમારા જાનની ફેંસાની થઇ જાય એની અમને ચિન્તા નથી...પણ શાસનની ઇમારતને ખંડિત તો નહિ જ થવા દઈએ.

**મહાવીરદેવ એ રમકડું નથી :—**

મહાવીર એ કાંઇ રમવાનું રમકડું નથી કે એને મન ફાવે ત્યારે 'સમાજ સુધારક' નું વસ્ત્ર પહેરાવાય...અને મને ફાંવે ત્યારે 'ક્રાન્તિકારી' ની ટોપી પહેરાવાય...

સમાજસુધારકો તો રાજા રામમોહનરાય ગાંધીજી વગેરે ગણાતાં હતાં...આજે તો સમાજસુધારક ઇન્દિરા, ગિરિ અને ચૌહાણ પણ ગણાય છે! તો શું એ માનવોની કક્ષામાં અમારા પરમાત્મા મહાવીરદેવને તમે મૂકવા માંગો છો?

'મહાવીરે સાધ્વીસંઘ સ્થાપીને સ્ત્રીઓને સ્વાતંત્ર્ય આપ્યું છે. બિચારી સ્ત્રીઓને પૂર્વના ઋષિ મુનિઓએ ગુલામડી બનાવી હતી. મહાવીરે એ ગુલામીમાંથી મુક્તિ અપાવી અને સાધ્વીસંઘની સ્થાપના કરી' આવા જુઠાણાં હવે બંધ કરો.

શું મહાવીરદેવે જ સાધ્વીસંઘ સ્થાપ્યો હતો? પાર્શ્વનાથ; નેમિનાથ અને તે પૂર્વના અનંતાનંત તીર્થંકરોએ સાધ્વીસંઘ સ્થાપ્યો નથી? સાધ્વીસંઘ સ્થાપ્યો માટે પરમાત્મા મહાવીરદેવને 'સમાજ સુધારક' કહેવા એના જેવું હડાહડ જુઠ બીજું કયું છે?

'ગાંધીનું નામ લઈને જ ગાંધીવાદીઓએ ગાંધીજીની ઘોર ખોદી છે.' એમ રાષ્ટ્ર ભક્તો હવે કહે છે. પરમાત્મા મહાવીરદેવનું નામ લઇને જ તેમના સિદ્ધાંતોની આ ઉજવણીકારો ઘોર ખોદવા માંગે છે. સ્ત્રીના શીલનું નિકંદન કાઢવા માટે જ પરમાત્મા મહાવીરદેવના નામ ઉપર 'સ્ત્રી સ્વાતંત્ર્ય' ચઢાવવામાં આવે છે.

**આ ક્રોધ નથી, શાસનરાગ છે :—**

અમારે ક્રોધ કરવો નથી. છતાં ય ક્રોધ થઇ જાય છે. આજ વિષય અને કષાયોનો ત્યાગ કર્યાને ૨૨-૨૨ વર્ષ થયા...અને છતાં હજુ ય અમે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કષાયો કરીને સાધુજીવનને અભડાવીએ એવા મૂર્ખ નથી. પણ શું કરીએ? શાસન જાણે રંડાઇ રહ્યું હોય એવું લાગે છે માટે બૂમરાણ મચાવીએ છીએ. વિષય અને કષાયમાં ગળાબૂડ પડેલા તમે લોકો તમારા સંસારના કાર્યોમાં અવસર આવે કષાયો કરો છો. અને ભગવાનના શાસન ઉપર આફતો આવી હોય ત્યારે કષાય કરતાં નથી. સમતાના સાગર બની જાઓ છો, તમારા લોકોનું લોહી પણ ઉકળતું નથી. એનું કારણ શું છે? ઉલટા અમે પ્રભુશાસનનું રક્ષણ કરતાં હોઇએ ત્યારે કોઇની 'બ્રીફ' લઈને અમને ઠંડા પાડવા આવો છો. અમારા લોહી ગરમ કરવાને બદલે તમે ટાઢું પાણી રેડો છો. તમને પ્રભુના શાસનની 'બ્રીફ' લેવાનું કેમ સૂઝતું નથી? કોઇના દૂત બનીને તમે મારી પાસે આવો છો, એ અત્યંત દુઃખદ બીના છે. અમારો આ કષાય નથી. પરંતુ વીરશાસનનો રાગ રગરગમાં એવો વ્યાપી ગયો છે કે હવે એ શાસનનું નિકંદન નીકળી રહ્યું હોય ત્યારે ય અમે સમતાના સાગરમાં ઝૂલીએ એ અમારાથી બને એવું નથી.

ડાહ્યા અને ડમરા બનીને તમે અમને ઉપદેશો આપો છો 'સાહેબ! તમે તો સાધુ કહેવાઓ. તમારે તો સામાયિકનું વ્રત? સામાયિક વ્રત એટલે સમતાનું વ્રત! એમાં કષાય થાય નહિ વગેરે વગેરે...' પણ યાદ રાખજો કે તમારું ડહાપણ તમને જ એક દી' ખાઇ જાશે શાસન તો એના સ્વયંભૂ બળથી ચાલ્યા જ કરશે. પણ શાસનના આક્રમણો વખતે ય જે ભાગ્યશાળીઓ પોતાની ફરજો ચૂકશે તેમને કર્મસત્તા કદી નહિ છોડે.

**તમે તમારું કરો, અમે અમારું!**

આવા કેટલાક ડાહ્યા માણસો અમને શીખામણ આપવા આવે છે કે 'તમે તમારું કામ કરો અમે અમારું કરીએ... અમે ૧૪ ભાષામાં અમને મનગમતું મહાવીરચરિત્ર લખીએ તમને મનપસંદ એવું મહાવીર ચરિત્ર તમે લખો ને! કોણ ના પાડે છે?'

પરંતુ આમ કહીને અમારું મિશન એ લોકો તોડાવી નાંખવા માંગે છે. હું વીરચરિત્ર લખવા બેસી જાઉં એટલે શાસ્ત્રવિરુદ્ધ રીતે લખાતા વીરચરિત્ર તરફનો મારો વિરોધ અટકી જાય...અને એથી એમને ફાવટ આવી જાય. અમારું ધ્યાન આ રીતે આ લોકો અન્યત્ર ખેંચી જવા માંગે છે. એ અમે હરગીઝ નહિ થવા દઇએ.

**હવે નવું જૈન શાસન!!**

આ ઉજવણી દ્વારા જાણે એક નવું જ જૈનશાસન સ્થાપવાનાં

આવી રહ્યું છે. એથી જ જાણે એમણે પોતાનો જુદો પચરંગી ધ્વજ બનાવ્યો છે.

વર્ત્તમાનકાલીન જૈનશાસનનો ધ્વજ દ્વિરંગી-સફેદ અને લાલ છે. એ લોકો એ ધ્વજને ઉડાડી દઈને પોતાનો નવો પચરંગી ધ્વજ બનાવે છે. અને એ રીતે ગામોગામ પ્રાચીનધ્વજને માનનારા અને નવીન ધ્વજને માનનારા લોકોને લઢાવવા માગે છે.

તમારે તમારું નવું જૈનશાસન સ્થાપવું છે? જો ના...તો પછી શા માટે નવો જૈનધ્વજ-પરંપરાગત જૈનધ્વજને તોડીને-તમે બનાવો છો?

સ્વયંસંચાલિત મંડળ તરીકે હવે નવી એક રાષ્ટ્રીય કાઉન્સીલ સ્થાપવામાં પણ આવી છે. આમાં જૈનસાધુઓનું આધિપત્ય જરાપણ નહિ રાખવામાં આવે. જૈનાચાર્યોના આધિપત્યવાળો જૈનસંઘ તો વિદ્યમાન છે જ. હવે જેમાં જૈનાચાર્યોનું આધિપત્ય ન હોય એવો સ્વયં સંચાલિત નવા ધ્વજવાળો...નવો ચતુર્વિધ (સ્થાનકવાસી તેરાપંથી દિગમ્બર અને શ્વેતામ્બર) સંઘ જાણે સ્થપાઈ રહ્યો છે. આપણાં વર્ત્તમાન જૈનસંઘમાં સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધપણું છે. હવે એ તો એમને મંજૂર નથી. આથી જેમાં સાધુ-સાધ્વીનું નામ ન હોય એવો-સ્થાનકવાસી તેરાપંથી દિગમ્બર અને શ્વેતાંબર-એવો ચતુર્વિધપણાવાળો જૈનસંઘ જાણે કે સ્થપાઈ રહ્યો છે. એથી મૂળભૂત સાચા જૈનસંઘને ધક્કો મારવાનું કામ કરવામાં આવનાર છે. આ બધી ગહન વાતો ખૂબ જ વિચારપૂર્વક શોચશો તો જ સમજાય એવી છે.

બુદ્ધિજીવીઓનો એ સંઘ અમને મંજૂર નથી. હું તમને 'બુદ્ધિજીવી' કહું તો તમારે સમજી લેવું કે મહારાજ સાહેબ અમને 'શાસ્ત્રવિરુદ્ધ' માને છે. તમે અમને 'રૂઢિચુસ્ત' કહો પણ અમે એથી ઉલટા હરખાઈ જઈએ છીએ. કેમકે અમે તો રૂઢિ-અર્થાત્ શાસ્ત્રો-જેમ કહે તેમ જ વર્તવું એવા જ સિદ્ધાંતમાં ચુસ્ત છીએ. જ્યારે અમે તમને 'બુદ્ધિજીવી' કહીએ ત્યારે તમને એમ લાગે છે કે 'મહારાજ સાહેબ અમારા ગુણ ગાય છે' પણ વસ્તુતઃ એવું નથી. બુદ્ધિ પ્રમાણે જ જે ચાલે... શાસ્ત્ર આદિને જે અવગણીને જીવે એનુ નામ 'બુદ્ધિજીવી'! આવા અર્થમાં તમે 'બુદ્ધિજીવી' હો તો એને ગુણરૂપ માનશો નહિ.

**નવું જૈનશાસન શા માટે?**

તમને અમે શીલપાલનનો, કંદમૂળત્યાગનો જે ઉપદેશ આપીએ છીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ઉપદેશ દ્વારા તમને જે શીલપાલન, કંદમૂળત્યાગ આદિ કરાવીએ છીએ એ પેલાં ભોગરસિયાં જીવોને ગમતું નથી. શીલભ્રષ્ટોને અને કંદમૂળ ભક્ષીઓને એ જરાય રુચતું નથી. આથી જેમાં આવા બધાં તપ-ત્યાગ આદિ ના હોય એવા જૈનશાસનની સ્થાપના થાય તો કેટલાકોને મજા જ પડી જાય ને ?

આ બધું હવે અમારાથી ખમી શકાતું નથી. એટલે જ આટલી જંગી સભાઓમાં ગળું ફાડીને બોલીએ છીએ. આવું કાંક કરતાં ગાડી ઠેકાણે આવે એવી આશાથી...

**ચન્દના...મહાવીરની પ્રેમિકા ?**

હવે તો 'મહાવીર સ્વામીજીની પ્રેમિકા તરીને ચન્દનબાળા હતી..." એવું પ્રગટપણે લખાવા માંડયું છે. ભગવાન મહાવીર ! દેવાધિદેવ ! ત્રિલોકગુરુ ! વાસનાનો અંશ જેના રુંવાડે ન હતો એવા એ અમારા પરમપિતા ! અને એ મહાસતી આર્યા ચન્દનબાળાના પ્રેમી ? ચન્દના એમની પ્રેમિકા ? આ બધાં કેટલાં ભયંકર વિધાનો છે એ તમે સમજી શકો છો ખરા ?

આ શબ્દો જે સાંભળી શકે છે એ જૈન કહેવાય ખરો ? વીરનો સપૂત કહેવાય ખરો ? 'મહાવીરે જેમ પોતાના જીવનમાં મોક્ષને સ્થાન આપ્યું છે એમ મોક્ષના જેટલું જ કામને પણ સ્થાન આપ્યું છે'... આ વિધાન કેટલું ખતરનાક છે ? મારા કાન હવે આવા વિધાનો સાંભળવા તૈયાર નથી...મારી આંખો હવે આવા લખાણો વાંચી શકવા સમર્થ નથી. આવા વિધાનો જો વાંચવા જ પડતાં હોય તો એ આંખો ફૂટી જાઓ. આવા વિધાનો સાંભળવા પડતાં હોય તો એ કર્ણપટલના પડદાંઓ તૂટી જાઓ. એવું કયારેક મનમાં થઈ જાય છે.

**આન્તર-વેદના :—**

હવે તો અમે તંગ આવી ગયા છીએ. સાક્ષાત્ ભગવાન વીર ઉપર આવા ગંદા અને ગલીચ આક્ષેપો અમારે ત્યાં ૨૫૦૦ વર્ષોમાં કયારેય કોઈએ નથી કર્યા... એવા આક્ષેપો આજ થઈ રહ્યા છે.

શું કહીએ ? આવી ઉજવણી; આવા લખાણો; આવા વિધાનો; બંધ કરવા માટે તમારે અમારું અસ્તિત્વ તોડી નાંખવું હોય તો તોડી નાંખો. તમે કહો અને શાસ્ત્ર જો છૂટ આપતું હોય તો ભગવાનના શાસનની ખાતર અમે તમારી પાસે ખોળો પાથરીશું. પગમાં પડીશું. પણ આ તોફાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

-સત્વર બંધ કરો. અમને અમારી ચિંતા નથી. અમારા પરમાત્મા મહાવીર-દેવની ચિંતા છે. અમારા પરમાત્મા મહાવીરદેવને તમે એમના સ્વરૂપે જીવવા દો.

**બેસુમાર શાસ્ત્ર વિરોધી વિધાનો :—**

શાસ્ત્ર વિરોધી બકવાટો હમણાં હમણાં બેસુમાર બની ગયા છે. જેને જેમ ફાવે એમ ફેંકે રાખે છે. દલસુખ માલવણિયા કહે છે 'ત્યાગી સંસ્થાના બ્રહ્મચર્ય અને પરિગ્રહ વૈકલ્પિક જોઈએ..આ કાળમાં ઉકાળેલું પાણી પીવાની કોઇ જરૂર નથી. નળો દ્વારા આવતું પાણી બધું અચિત્ત થઈ જ જાય છે ઈત્યાદિ...'

બેચરદાસ પંડિત એવા આશયનું કહે છે કે 'અનંત જીવો સંસારમાં ભરાઈ રહ્યા હતા એટલે એ અનંતામાંથી થોડા અનંતાને ૧૪ રાજલોકને ખૂણે ધકેલી મોકલ્યા. એ અનંતાને સિદ્ધો એવું નામ આપ્યું. એ બિચારા સિદ્ધો પડી જાય નહિ એટલે ૪૫ લાખ યોજનની સ્ફટિકની શિલા ઊભી કરી...વગેરે... તથા સિમન્ધરસ્વામી જેવી કોઇ વસ્તુ જ આ જગત્માં નથી. જો હોય તો વૈજ્ઞાનિકો એની શોધ કરી જ શકે...ઇત્યાદિ...'

આવા બધાં શાસ્ત્રવિરોધી લવારાઓનો આજે કોઈ પાર રહ્યો નથી અને આથી જ અમારું લોહી ગરમ થયા વગર રહેતું નથી.

ઈશ્વર પેટલીકર કે જે એક જૈનતર માણસ છે. જેને જૈનશાસ્ત્રોનું કશુંય જ્ઞાન નથી–એ કહે છે કે 'ઘણા બધા સાધુઓ સજાતીય વાસનાઓથી પીડાય છે.'

મારું તમને એ કહેવું છે કે જો તમે લોકો તમારા સાધુઓના જીવનમાં પણ આવા ભ્રષ્ટાચારના આક્ષેપો કરી શકતા હો તો તમે લોકો અમને વહોરાવો છો શા માટે? શા માટે અમારી સુપાત્ર ભક્તિ કરો છો? અમને વહોરાવવાનું બંધ કરી દ્યો. તમને અમારા ચારિત્ર્ય જીવન ઉપર શંકા છે તો તમારું માથું અમારાં ચરણોમાં શા માટે મૂકો છો? અમારા જીવન ઉપર આવા ભ્રષ્ટાચારના તદ્દન જુઠ્ઠા અને બાલિશ આક્ષેપો કરનારા પાકે અને છતાંય તમે ઉકળી પડતાં નથી?

જેને જેમ ફાવે એમ બકે રાખે છે. કોઈ જાણે પૂછનાર જ નથી... મનમાં આવ્યા એવા લવારાઓ કરે રાખે છે. આ બધું અમારે ક્યાં સુધી નભાવી લેવું?

**આવા માણસો સમિતિમાં :—**

અને આવા જ માણસો ઉજવણીની સમિતિઓ; લેખકમંડળોમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભરાઈ બેઠા છે. ગુજરાત રાજ્યની નવી રચાએલી પ્રાંતીય સમિતિમાં આ બધા શાસ્ત્ર વિદ્રોહી અને અશ્રદ્ધાળુ પંડિત સુખલાલ, માલવણિયા, બેચરદાસ વગેરે ભરાઈ બેઠા છે. અને એવા શાસ્ત્રદ્રોહીઓ સાથે આપણાં જૈનો શ્રી કસ્તૂરભાઇ લાલભાઇ, શ્રી જીવતલાલ પ્રતાપશી, શ્રી ચન્દ્રકાન્ત બકુભાઈ વગેરે ક્રિયાચુસ્ત અને શ્રદ્ધાળુ ગણાતાં પુણ્યવાનો જઈ બેઠા છે? આ ઉપરથી જ આ ઉજવણીમાં શું થશે એની ખબર પડી જાય છે.

કોઇ પણ માણસ કેવો છે અને શું કરતો હશે? એ જાણવું હોય તો એનું મિત્રમંડળ કેવું છે? એ જાણી લેવું જોઈએ.

**સાંપ્રદાયિકતા શું ઝેર છે?**

આજના બુદ્ધિ જીવીઓ બોલશે કે 'સાંપ્રદાયિકતા ઝેર છે. સાંપ્રદાયિકતા દૂર કરો. બિનસાંપ્રદાયિક ધર્મ બનાવો...વગેરે...' સામ્પ્રદાયિક ધર્મો એટલે પૂજા-પ્રતિક્રમણ આદિ! આ બધું શું ઝેર છે? જેના દ્વારા જ આપણે સંસાર સમુદ્ર તરવાનો છે અને ભગવાન મહાવીરદેવે પણ આ જ ધર્મતત્ત્વોનું આચરણ કરવાનું જણાવ્યું છે એ બધું ય ઝેર? તો અમારે માટે અમૃત શું છે એ તો કોઈ બતાવો! 'યજ્ઞયાગની હિંસા બંધ કરાવવા માટે જ મહાવીરે અવતાર લીધો હતો' આવાં બધા લવારાઓ કાઢીને તમે શું અમને વૈદિકો સાથે લઢાવી મારવા માંગો છો? તમારી દાનત શું છે એ તો કહો, એથી અમને ખબર પડે...

**વનસ્થલી શા માટે?**

ઉજવણીમાં વનસ્પતિની શી જરૂર છે? સરકારને દિલ્હીમાં બાગ બગીચાની ખાસ જરૂર છે. એ માટે એને અમુક લાખ રૂપિયા ખર્ચવાના છે. હવે એ જરૂરિયાતને ભગવાન મહાવીરના નામે ચઢાવી દઈને લાખો જૈનો રાજી થઈ જતાં હોય અને ભવિષ્યમાં બધા જૈનોના વોટ પોતાને મળી જવાની શકયતા હોય! તો ભારત સરકાર શા માટે આ વનસ્થલીને 'ભગવાન મહાવીર' નું નામ આપવાની ના પાડે?

કામ પોતાનું...અને નામ મહાવીરનું...આ વનસ્થલીમાં શું થશે? હોજો; ફુવારઓ; ગીચ ઝાડીઓ; અને મોટા નાના વૃક્ષોના બીજના આરોપણ! આ બધું કરવામાં ભગવાન વીરના અહિંસાના સિદ્ધાન્તની ઘોર હાંસી થાય છે એનું ઉજવણીકારોને ભાન છે? ઘોર આરંભ અને સમારંભો કરીને મહાવીરદેવનું નામ જોડવાનું તમને કોણે કહ્યું?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ ઝાડીઓમાં 'કપલો' આવશે. પરદેશીઓ અને ભારતીય યુવાન–યુવતીઓ ભટકશે અને પાપલીલાઓ ચાલશે.....આ બધું ય થશે ભગવાન મહાવીરના નામવાળી વનસ્થલીમાં !...

'તો આ વનસ્થલીમાં ભગવાન મહાવીરનું શું ? ? —એવો પ્રશ્ન આપણને થાય...એટલે એ લોકો કહેશે 'અમે ભગવાન મહાવીરના વચનામૃતો આરસમાં કોતરાવીને વનસ્થલીમાં ગોઠવીશું ?

હા...એ વાત સાચી કે વનસ્થલીમાં મહાવીરદેવનાં વચનામૃતો કોતરાશે. પણ એ બધીય ઠગબાજી જેવું નથી ? કોઈનું ખીસ્સું કાપવું હોય તો સફેદ કપડાં પહેરવા પડે. બદમાશો ધોળે કપડે જ આજ બહારવટાં ચલાવે છે. બુકાની બાંધીને લૂંટ ચલાવવાનો કાળ હવે ગયો...એ જ ન્યાયે 'ભગવાન મહાવીરના વચનામૃતો' કોતરાવીનેજ મહાવીરદેવના બ્રહ્મચર્ય–અપરિગ્રહ–અહિંસા આદિ સિદ્ધાન્તોની કતલ થશે...

## શાસ્ત્ર વિરોધી બીજા થોડા લવારાંઓ :—

શાસ્ત્રનો દ્રોહ કરનારા માણસોએ આજે કાંઈ બાકી રાખી નથી... પરમાનન્દ કુંવરજી કાપડિયા કહે છે કે 'મહાવીર જુનીયર હતા...અને બુદ્ધ સીનીયર હતા ..મહાવીરમાં જેટલી કરુણા હતી એનાથી ઘણી વધારે કરુણા બુદ્ધની હતી...'

શાંતિપ્રસાદ જૈન; કે જેઓ આ ઉજવણીમાં સક્રિય આગેવાન કાર્યકર છે અને દિગંબર કરોડપતિ છે એ કહે છે કે 'અતિવૃષ્ટિ થઈ ત્યારે જૈનોએ પોતાના પૈસા ઘણાં આપ્યા; પરંતુ જૈનોએ દેરાસરો અને ઉપાશ્રયોના–દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યના પૈસા કેમ ના આપ્યા એ મને સમજાતું નથી... મને નાસ્તિક કહેવો હોય તો કહો પરંતુ દેવદ્રવ્યના પૈસા જૈનોએ આપવાજ જોઈએ.'

આવા બધા બુદ્ધિજીવીઓ ઉજવણીમાં શું કરશે ? એ તદ્દન સરળતાથી સમજાય એવું છે. આવા બધા શાસ્ત્રદ્રોહીઓની–ચારે ફિરકાની સમિતિઓ ભેગી થઈને ઠરાવ કરશે કે બાળદીક્ષા આપવી નહિ. સ્ત્રીઓની દીક્ષા બન્ધ કરવી. મન્દિરોના પૈસા રાષ્ટ્રમાં આપી દેવા...વગેરે.

તો આ બધું તમારાથી રોકયું રોકાય એમ છે ? જો ના...તો પછી શા માટે આવા ભયાનક રાષ્ટ્રીયસ્તરને સ્વીકાર્યો ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નવીન માધ્યમોથી ધર્મપ્રચાર :—**

સ્વયં સંચાલિત મંડળ તરીકે કામ કરનારી રીસર્ચ સોસાયટીઓના આગેવાનો પણ આવું જ કહે છે કે 'અમે વિશ્વભરમાં મહાવીરનાં અહિંસા અપરિગ્રહ અને અનેકાન્ત–નો ફિલ્મો અને સ્લાઈડોના નવીનતમ માધ્યમોથી પ્રચાર કરશું...'

ઓ ! પુણ્યવાનો ! જૈનધર્મ કદાપિ પ્રચારથી વ્યાપ્ત બન્યો નથી. એ તો એના સ્વયંભૂ બળથી વ્યાપેલો છે. ધર્મ–પ્રભાવથી જ શાસનનો પ્રભાવ થશે. ધર્મ–પ્રચાર સાચો તેમાં જ છે. જીવનને આરાધનાના પ્રભાવથી હર્યું–ભર્યું રાખવું. કેલેન્ડરોના પ્રચારથી જૈન–ધર્મ કદાપિ પ્રસરતો નથી. એ લખી રાખજો.

**હવે તો જાગો !**

આવી અનેક આફતો જૈનશાસન ઉપર તૂટી પડી છે. ત્યારે ય નથી જાગવું ?

કાળઝાળ મોંઘવારીમાં લાખો લોકો ભૂખે મરે છે તેવે ટાણેય અમે અને તમે–સહુ પેટ ભરીને ખાવાનું; જે શાસનના પ્રભાવે પામીએ છીએ. જે ધર્મના પ્રભાવે સાધુ અને સાધ્વીઓ આજેય મસ્તીથી જીવી શકે છે. એ શાસન ઉપર જ્યારે ઘણના ઘા લાગી રહ્યા હોય ત્યારે ય ઊંઘવું છે. હવે તો જાગો ! શાસનની સંરક્ષા કાજે !

**તો હવે ભગવાન કોણ ?**

આ રાષ્ટ્રીય ઉજવણી દ્વારા દેવાધિદેવ ભગવાન મહાવીરને તો 'સમાજ સુધારક ચિંતક'ની કક્ષામાં મૂકી દેવામાં આવ્યા...એમનું ભગવતતત્ત્વ ઉડાડી દેવામાં આવ્યું.

ત્યારે હવે પ્રશ્ન એ થાય કે ભાઈ ! જગતમાં 'ભગવાન' કોણ ? એટલે એનો ઉત્તર એ જ આવીને ઊભો રહે કે જેને ઘણાં માને તે ભગવાન...અર્થાત્ જે ધર્મની બહુમતિ હોય એ ધર્મના જે ભગવાન એ જ આ વિશ્વના ભગવાન ! એવા ભગવાન તો ઈસુ ખ્રિસ્ત જ બનશે. કેમકે આજે જગતમાં ઈસુ ધર્મની જ બહુમતિ છે. આથી બહુજન્યમાન્ય ઈસુ બન્યા માટે જ, ઈસુ એજ ભગવાન...

આમ સર્વ ધર્મોના ભગવત્ તત્ત્વનો વિલોપ કરીને ઈસુને ભગવાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરીકે જાહેર કરવા માટે પણ આ ઉજવણી ષડ્યન્ત્ર સ્વરૂપ કેમ ન હોય? અને એથી જ કહું છું કે આ ઉજવણીનો સખ્ત વિરોધ કરવો જોઇએ.

## જૈનો-વૈદિકો એકઠા થાય :—

આમ ઉજવણી દ્વારા સર્વધર્મનાશનું ખૂબજ ભેદી અને ઊંડું ષડ્યન્ત્ર છે. એથી જૈનો અને વૈદિકો-બધાંજ હિન્દુઓએ આ ઉજવણીના વિરોધ માટે એકત્ર થવું ઘટે...

આ ઉજવણીકારો 'અમે ગ્રન્થોને સુધારીશું જ. અશાસ્ત્રીય બધાં ય લખાણો રદ કરીશું' એવી ખાત્રી આપતાં નથી, ઉજવણીની સમિતિઓએ શ્રદ્ધાળુ-અશ્રદ્ધાળુઓનો શંભુમેળો ભેગો કર્યો છે. તદ્દન સુધારક સુખલાલ વગેરે અને શ્રદ્ધાળુ શ્રી કસ્તૂરભાઇ શ્રી જીવાભાઈ વગેરે-બધાંયનો ખીચડો ગુજરાતની કમિટિમાં કરવામાં આવ્યો છે.

વૈશાલી ખૂબ જ વિકસિત કરવામાં આવનાર છે કેમકે એ દિગમ્બર પરંપરાને માન્ય મહાવીરનું જન્મસ્થાન છે. જ્યારે શ્વેતાંબરોને માન્ય પરંપરાગત ક્ષત્રિયકુણ્ડ વૈશાલીથી ચાલીસ માઇલ દૂર છે, એમાં કોઈ પણ જાતનું વૈશિષ્ટ્ય લાવવામાં આવનાર નથી. આથી જતે દિવસે વૈશાલી એજ મહાવીરનું જન્મસ્થળ છે એવું પ્રસિદ્ધ થશે. અને ક્ષત્રિયકુંડ વીરના જન્મ સ્થળ તરીકે સાચું હોવા છતાં તે ઊડી જશે. આમ છતાં અમારા જૈનોને એ બધું મંજૂર છે. ખુમારી જ સાવ મરી પરવારી છે.

પયગંબર સાહેબનો ૧ વાળ ગૂમ થયો હતો ત્યારે મુસલમાનોએ ગોકીરો મચાવી દીધો હતો. વર્ષોથી એમને ત્યાં પયગંબરનો ૧ વાળ દાબડીમાં પૂરાઇને આવી રહ્યો છે એવી એક માન્યતા છે. એ વાળ ગૂમ થયાના ખબર મુસલમાનોને પડયા અને એમણે વડાપ્રધાન શાસ્ત્રીજીને ચિન્તામાં મૂકી દીધાં. મુસલમાનો ૧ વાળ માટે આટલી લડત આપી શકે અને શ્વેતાંબર જૈનો આખુંય ક્ષત્રિયકુંડ જાય તોય નમાલા બનીને જોયા કરે? કેવી આપણી કંગાળ દશા છે?

## આવા માણસોનાં સન્માન?

આ રાષ્ટ્રીયસ્તરની ઉજવણીમાં એવા માણસો છે કે જેને શાસ્ત્ર અને ધર્મ ઉપર ભયંકર સૂગ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રિષભદાસ રાંકા કે જે 'જૈનજગત્' નામનું માસિક ચલાવે છે. એ આ ઉજવણીમાં છે. એને થોડા વખત બાદ ૧ લાખ રૂ. ની પર્સ; જૈન-ધર્મની ખૂબ સેવા કર્યા બદલ–અપાવવાની છે. કસ્તૂરભાઇ લાલભાઈ જેવા શ્રદ્ધાળુ ગણાતાં જૈન આગેવાન આવા માણસોને પર્સ આપવા જવાના છે.

જાણો છો આ રિષભદાસ કેવા માણસ છે ? એમણે થોડા વર્ષો પૂર્વે પોતાના 'જૈનજગત્' માસિકના એક અંકમાં ભ્રમરકુમાર નામના એક લેખકનું 'મહાવીરની મનોવ્યથા' નામે ગદ્ય કાવ્ય પ્રગટ કર્યું હતું. અને એ કાવ્યનું પોતે ખૂબ અનુમોદન પણ કર્યું હતું...

એ કાવ્યમાં આવી પંક્તિઓ આવે છે કે :–

मैं सच कह रहा हूं तुम मुझे भूल रहे हो
तुमने मुझे इन्सान नहिं; किन्तु भगवान समझा
शास्त्रो वेदो त्रिपिटको आगमोकें आधार पर ।
किन्तु मैं तुम जैसा ही इन्सान था ।
बिल्कुल तुम जैसा ही हाथ पांव वाला ।
तुम्हारी हर कमजोरियां मुझमें थी ।
तुम्हारी हर मजबूरियां मुझमें थी ।
किन्तु मैं सच कहता हूं तुम्हें, केवल में इन्सान था ।
इन्सान बनकर ही इस धरती पर आया था ।
जैसे कि तुम ! हाड़ मांसका बना हुआ ।
कमजोरियोंसे घिरा हुआ ।
मजबूरियोंसे पला हुआ ।
मुझे तुम इन्सान ही रहेने दो ॥

આ કેટલાં ભયંકર શબ્દો છે એ તમને સમજાય છે ? ભગવાનને; ત્રણ લોકના નાથને; ઈન્સાનની કોટિમાં મુકી દીધાં... અને એનું અનુમોદન રિષભદાસ રાંકા કરે છે. એવા માણસોને અમારા જૈન આગેવાનો સન્માને !!!

## વીરનું અવમૂલ્યન : તેનો પુરાવો :–

આ ઉજવણી દ્વારા દેવાધિદેવ ભગવાન મહાવીરપ્રભુના ભગવત્–તત્ત્વનું અવમૂલ્યન કરવાનું છે એવી અમે જે બૂમરાણ મચાવીએ છીએ એનો પુરાવો હવે પ્રત્યક્ષપણે બહાર પડી ચૂક્યો છે. પ્રતાપરાય ગિ. મહેતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામના એક ચિત્રકારે ભગવાન મહાવીરદેવ; બુદ્ધ; ઇશુ અને ગાંધી આ ચારનું એક સ્ટેચ્યુ ચૌમુખાકારે બહાર પાડયું છે. અને ભારતના મહાન્ પુરુષો તરીકે એ બધાને ગણાવ્યા છે.

રાષ્ટ્રીયસ્તરની ઉજવણી ઉપર આવી રીતે મહાવીરદેવને બુદ્ધ, ઇશુ અને ગાંધીની સમતુલનામાં મૂકી દઈને અવમૂલ્યન જ કરવામાં આવ્યું છે ને? પ્રતાપરાયનું એ સ્ટેચ્યુ તો રાષ્ટ્રીયસ્તરે શું થવાનું છે એનું માત્ર દિગ્સૂચન જ કરી જાય છે.

**વિરોધમાં તમે કેટલા !**

વિરોધ કરવામાં હું એકલો જ છું એમ માનશો નહિ. અમારી સાથે ઘણાં છે. રાષ્ટ્રીય સ્તરની આ ઉજવણીના વિરોધ પૂ. પાદ આ. વિ. રામચંદ્રસૂરિજી મહારાજા. પૂ. પાદ આ. વિ. રામસૂરિજી મહારાજા (ડહેલા-વાળા)નો આખો સમુદાય, પૂ. પાદ સાગરાનન્દસૂરિજી મહારાજાના સમુદાયના પૂ. આ. દેવ શ્રીમદ્ માણેકસાગરસૂરિજી [ જેમણે કોર્ટમાં દાખલ થયેલી રીટમાં એફીડેવીટ આપી છે ] મહારાજા. પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મહારાજા, પૂ આ. વિ. કૈલાસસાગરસૂરિજી મહારાજા, પૂ. આ. વિ. સિદ્ધિસૂરિજી મહારાજાના સમુદાયના પૂ. પાદ ભદ્રંકરસૂરિજી મહારાજા તથા પૂ. વિબુધપ્રભસૂરિજી મહારાજાદિ...પૂ. લબ્ધિસૂરિજી મહારાજાના સમુદાયના પૂ. આ. જયંતસૂરિજી મહારાજા તથા પૂ. આ. વિક્રમસૂરિજી મહારાજા; પૂ પં. ચિદાનંદમુનિજી મહારાજ; લવારની પોળવાળા પૂ. આ. દેવ શ્રી મંગળપ્રભસૂરિજી મહારાજા, અંચળ ગચ્છાધિપતિ આ. દેવ શ્રી ગુણસાગરસૂરિજી મહારાજા આદિ અનેકાનેક જૈનાચાર્યો અને સાધુભગવંતો આ રાષ્ટ્રીય ઉજવણીના વિરોધમાં જ છે. તથા સ્થાનકવાસી સંઘનો પણ ઘણો ભાગ વિરોધમાં જ છે.

**પહેલાં 'રાષ્ટ્રીયસ્તર' ખતમ કરો :-**

ઉજવણી શાસ્ત્રીયસ્તર ઉપર ઉજવાય અને એ માટે પૂ. આ. દેવ શ્રી વિજયનન્દનસૂરિજી મહારાજા તથા પૂ. આ. દેવ શ્રી વિજયરામચન્દ્રસૂરિજી મહારાજા અને શ્રી કસ્તૂરભાઇ લાલભાઇ; એ ત્રણેય ભેગા થઇને શાસ્ત્રસંમત જે કોઈ કાર્યક્રમ એકમતિથી નક્કી કરે એ અમને મંજૂર જ છે.

શાસ્ત્રીયસ્તરના કાર્યક્રમનો અમારે જરાય વિરોધ નથી. પરંતુ સૌ પ્રથમ 'રાષ્ટ્રીયસ્તર' ખતમ કરવો જોઈએ. કેમકે રાષ્ટ્રીયસ્તર સ્વયં અશાસ્ત્રીય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સભામાંથી** :—પણ રાષ્ટ્રીયસ્તરવાળા એમનું કરે; તમે શાસ્ત્રીય સ્તરવાળા તમારી રીતે ઉજવણી કરો ને? તેમાં કોણ પ્રતિબંધ કરે છે?

નહિ... એ ન બને... શાસક કોંગ્રેસમાં રહેનારાઓને સામ્યવાદમાં પ્રવેશ મળતો નથી. પહેલાં શાસક કોંગ્રેસમાંથી રાજીનામું આપવું જોઇએ. એમ જૈન આગેવાનો જો રાષ્ટ્રીય અને શાસ્ત્રીય બન્નેમાં પગ રાખવા માંગતાં હોય તો એ નહિ બને. સૌ પ્રથમ રાષ્ટ્રીયસ્તરમાંથી રાજીનામું આપી દો. એ પછી જ શાસ્ત્રીયસ્તરની વાત!

એ એમનું કરે આપણે આપણું કરીએ એ વાત પણ બરાબર નથી... ફિલ્મનો જ્યારે આપણે સહુ એકમતિએ વિરોધ કરીએ છીએ ત્યારે એમ કેમ નથી વિચારતા કે એમની અશાસ્ત્રીય ફિલ્મ ભલે એ ઉતારે. આપણે આપણી શાસ્ત્રીય ફિલ્મ ઉતારો ને! એમ કહેવાય જ નહિ. સૌ પ્રથમ અશાસ્ત્રીય ફિલ્મને તોડવી જ જોઈએ અને ફિલ્મ સ્વયં અશાસ્ત્રીય છે માટે આપણાંથી શાસ્ત્રીય ફિલ્મ પણ ઉતારાય જ નહિ.

વર્ષો પૂર્વે એક ભાઈએ ટાઈલ્સમાં ભગવાન મહાવીરનું ચિત્ર મૂક્યું હતું. પ્રત્યેક ટાઈલ્સમાં ભગવાન વીરનું ચિત્ર! ત્યારે શ્રી જિન–શાસનના શૂરા શ્રેષ્ઠિઓએ એનો ઉગ્ર વિરોધ કર્યો હતો. 'એને જેવી ટાઈલ્સ બનાવવી હોય તેવી બનાવે આપણે જ્યારે ટાઈલ્સ બનાવીએ ત્યારે ભગવાન મહાવીરનું ચિત્ર નહિ મૂકવું" આવો વિચાર કરીને કોઈ બેસી નહોતું રહ્યું એ ટાઈલ્સનો સખ્ખત વિરોધ કરીને જ આપણે જંપ્યા હતાઃ

બીજું એક દૃષ્ટાંત તમને આપું! એક પિતા છે એ પિતાના બે પુત્રોમાં મોટો અવિનયી છે અને નાનો વિનયી છે. મોટો પુત્ર પિતાના મુખ ઉપર કાળી મેંશ લાવીને ચોપડે છે. ત્યારે નાનો પુત્ર એકદમ આવી જઈને મોટાને રોકે છે. 'ભલા! આ શું કરે છે? પિતાના મુખ ઉપર મેંશ ચોપડાય?'

ત્યારે મોટો પુત્ર કહે છે કે 'જો તારે મારી વાતમાં પંચાત નહિ કરવાની...તારે પિતાના પગે ચંદન ચોપડવું હોય તો ચંદન ચોપડ...હું મેંશ ચોપડું તેમાં તું જરા પણ ગરબડ ન કર. તું તારું કામ કર; હું મારું કરું છું.'

તો હવે અહીં નાના પુત્રે શું કરવું જોઈએ? નાના પુત્રની સૌ પ્રથમ ફરજ એ જ થઈ પડે છે કે મોટા પુત્રને મારીને–ગમે તે રીતે મેંશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોપડતો બંધ કરવો. અને ત્યાર બાદ જ ચંદન ચોપડવું. આમ કરે તો જ એની પિતૃભક્તિ સાચી કહેવાય...

આ જ રીતે 'સમાજ સુધારક' 'કાન્તિકારી' 'સામ્યવાદના પિતા' 'સંતતિ નિયમનના હિમાયતી' વગેરે વિશેષણો રૂપી મેંશ અમારા પરમ-પિતા મહાવીરદેવને કેટલાક સુધારકો લગાડે ત્યારે તેનો સખ્ત વિરોધ જ કરવો, કે 'ત્રિલોકગુરુ તીર્થંકર દેવાધિદેવ' ઇત્યાદિ વિશેષણોનું ચંદન ચોપડવું ? રે ! એ તો મૂર્ખાઈ જ કહેવાયને ?

સૌ પ્રથમ સમાજ સુધારક ઇત્યાદિ વિશેષણોની કાળી મેંશ લગાડ–નારી સુધારકોની રાષ્ટ્રીય ઉજવણીને દૂર કર્યા પછી જ આપણે શાસ્ત્રીય–સ્તરની ચંદન ચોપડવા જેવી ઉજવણી કરીએ તે ઉચિત છે.

## સંઘની સંમતિ કેમ લીધી નહિ ?

કસ્તૂરભાઈને જ્યારે ચણ્ડાંશુચંડુને બદલે જન્મભૂમિ પંચાંગને સંઘમાન્ય બનાવવું હતું ત્યારે પણ શ્રી-સંઘની સંમતિ લેવી જરૂરી બની હતી.

અને આવો વિરાટ પાયા ઉપર ભગવાન વીરનો ૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ કરવો હતો ત્યારે શ્રીસંઘની સંમતિ પણ તમે લોકોએ લીધી નહિ !

## ટકરાવું નથી; પણ સંઘર્ષ અનિવાર્ય છે :—

આપણને કોઈ સાથે જરા પણ ટકરાવાની ઇચ્છા નથી. પરંતુ વીરના શાસનની રક્ષા ખાતર સંઘર્ષ કરવો પડે તો અનિવાર્ય સમજીને કર્યા વગર ન જ રહી શકાય એવી સ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે.

બે વ્યક્તિને ઝઘડા પડયાં. એક કહે છે કે 'બે દુ ચાર' અને બીજો કહે કે 'બે દુ છ'! તો અહીં 'બે દુ પાંચ' કરવા દ્વારા શાંતિ મળતી હોય તો તે આપણને પરવડે ખરી ?

'બે દુ પાંચ'ની શાંતિ મેળવવા કરતાં 'બે દુ ચાર'ના સત્ય ખાતર સંઘર્ષ ઊભો રહે તો ય તે બહેતર છે. જૂઠી બાંધછોડ કરતાં સત્યના કાજે સંઘર્ષ હજાર દરજ્જે સારો છે.

## શાસન રક્ષાર્થે કષાય પણ ક્ષમા જ છે :—

આ સંઘર્ષમાં કષાય કરવો પડે તો ય મંજૂર છે. શાસન રક્ષા ખાતર કરાતો કષાય એ વાસ્તવમાં કષાય જ નથી. એ તો મહાક્ષમા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમ એપેન્ડીક્ષના રોગને કાઢવા માટે ચીરવામાં આવતું પેટ; એ ડોકટર દ્વારા કરાતું ખૂન નથી જ...કેમકે એ તો રોગનાબૂદી માટે અનિવાર્ય કાપકૂપ છે.

પરમાત્મા મહાવીરદેવે સાફ નિષેધ કર્યો હતો છતાં ય ભગવાન પ્રત્યેના ભારે રાગને કારણે સર્વાનુભૂતિ અને સર્વનક્ષત્રે; જ્યારે ગોશાળાએ ભગવાન ઉપર તેજોલેશ્યા છોડી ત્યારે માંડલાની બહાર જઈને; ગોશાળાને ઠપકો આપ્યો.

મુનિ સર્વાનુભૂતિ અને મુનિ સુનક્ષત્રે ગોશાળા ઉપર કષાય કર્યો. ગોશાળાની તેજોલેશ્યાના ભોગ બનેલાં બન્ને મહાત્માઓ ૧૨મા દેવલોકમાં ચાલ્યા ગયા ! કષાય કરવા છતાં ય ૧૨મો દેવલોક મળ્યો.

આમ શાસન રક્ષા ખાતર કરાતો કષાય એ વાસ્તવમાં કષાય નથી. એથી જ ૧૨મા દેવલોકને આપવા પણ તે સમર્થ બન્યો.

ભલે આપણે 'નાફેરવાદી' કે 'નકારાત્મક' કહેવાઈએ. એ બધું ય અમને મંજૂર છે. જો ભગવાનના શાસનની; એમ કરતાં ય રક્ષા થતી હોય તો ! !

## અત્યારે તો ખંડનાત્મક જ !

રચનાત્મક વાતો હમણાં બહુ ચાલી પડી છે. 'રચનાત્મક કાર્યક્રમ બતાવવો જોઈએ. ખંડન ખંડન ખંડન...એકલું નહિ કરવું જોઈએ' ઇત્યાદિ ઘણું ઘણું અમને ઉદ્દેશીને કહેવાય છે.

પણ આ બધા રચનાત્મકવાદીઓને મારે પૂછવું છે કે ચીનનું જ્યારે ભારત પર આક્રમણ આવે; અને તે વખતે સરકાર તરફથી જાહેર કરવામાં આવે કે અત્યારે સહુ નવયુવાનો લડાઈ લડવા માટે સૈનિક બનીને સજ્જ થઈ જાય.

ત્યારે આ રચનાત્મકવાદીઓ એમ કહે છે ખરા કે 'અત્યારે જો અમારા યુવાનો લડાઈમાં સૈનિક બનવા માટે તૈયાર થઈને ચાલ્યા જાય તો ઉદ્યોગો—કારખાનાઓ વગેરે બંધ પડી જાય. યુદ્ધ કરવાનું ખંડનાત્મક કામ અમને પસંદ નથી. અમારે તો ઉદ્યોગો ચલાવવા; કારખાના ચલાવવા વગેરે રચનાત્મક કાર્યો જ કરવા છે. યુવાનોએ રચનાત્મક કાર્ય જ કરવું જોઈએ' આવુ એ રચનાત્મકવાદીઓ યુદ્ધના સમયે કેમ બોલતાં નથી ! ત્યારે તો બધાં જ કહે છે 'ભાઈ ! દેશ ઉપર આફત આવી હોય ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

આપણાં ધંધા-ધાપા ના જોવાય. .દેશનું રક્ષણ સૌ પ્રથમ કરવું જોઈએ' ભલે તે ખંડનનું કાર્ય ગણાતું હોય.'

આ જ ન્યાયે હું કહું છું કે ભલે અમે ખંડનાત્મક નીતિના હિમાયતી ગણાતા હોઈએ. નાફેરવાદીના બિરુદો અમને મળતાં હોય એની અમને પરવા નથી. પરંતુ શાસન સંકટમાં હોય ત્યારે પણ અમે મંડન-મંડનની વાતો કરીને બેસી જ રહીશું તો તે કેમ ચાલશે ?

૨૪૯૯ વર્ષ સુધી રચનાત્મક કાર્યો અમે કરતાં જ આવ્યાં છીએ. અમારી મર્યાદામાં રહીને કરવા લાયક બધાં જ રચનાત્મક કાર્યો અમે (સાધુઓ) કરતાં જ રહ્યા છીએ. અને ૨૫૦૧માં વર્ષે પણ પાછા એ રચનાત્મક કાર્યો કરવાના જ છીએ. પણ જ્યારે ૨૫૦૦માં વર્ષે શાસનને ભયંકર આફતોથી ઘેરાએલું જોઈએ ત્યારે ય રચનાત્મક કાર્યક્રમોની વાતો કરવી એ શું ઉચિત છે ખરું ?

આપણું ધ્યાન આ વિરોધ પરત્વેથી દૂર કરી દેવા માટે જ 'રચનાત્મક'ના નામનો સુંવાળો શબ્દ-પ્રયોગ કરાય છે.

**આ કષાય નહિ ખમીર છે :—**

જુઓ; મારામાં તમને કષાય દેખાય છે. હું જરા જોરથી બોલું એટલે તમે બધા એમ માની લો છો કે 'મહારાજ સાહેબ ગરમ થઈ જાય છે. આવેશ કરે છે,' પણ હકીકતમાં હું તમને સાચું કહું છું કે આ કષાય નથી આ તો ખુમારી છે.

**બોલું છું હું; વીરના સન્તાન તરીકે :—**

આ પાટ ઉપરથી હું જે કાંઈ બોલું છું તે વીરના સંતાન તરીકે બોલું છું. આથી એમાં તમને ખુમારીનું તત્ત્વ જોવા મળે તો 'ક્રોધ'નો આક્ષેપ કરતાં સો વખત વિચાર કરજો.

**કનીષ્ટ 'રાષ્ટ્રીયસ્તર' !**

આથી અમારી સૌ પ્રથમ માંગણી તો એ જ છે કે ઉજવણીના 'રાષ્ટ્રીયસ્તર'ને ખતમ કરો. જે રાષ્ટ્રીયસ્તર સર્વ અનિષ્ટોનું મૂળ છે એ રાષ્ટ્રીયસ્તર તો ખતમ જ થવો જોઈએ.

ગાંધીજીએ જ્યારે સ્વરાજ્યની લડત ઉપાડી ત્યારે અંગ્રેજ આગેવાનોએ આવીને ગાંધીને પૂછ્યું 'બાપૂ ! તમે અમને હાંકી કાઢોને પછી શું કરશો ? અમે જતા રહીએ તો તે પછી તમારી પાસે કોઈ રચનાત્મક કાર્યક્રમ છે કે જેથી ભારતનું ઉત્થાન થાય ?' ત્યારે તમારા બાપુએ શું કહ્યું હતું જાણો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છો 'પહેલાં ક્વીટ ઈન્ડિયા'...પહેલાં તમે લોકો ચાલ્યા જાઓ. પછી અમે અમારું ફોડી લઈશું'.

એમ હું પણ આ રાષ્ટ્રીય ઉજવણીના પક્ષકારોને કહું છું કે પહેલાં 'ક્વીટ રાષ્ટ્રીય સ્તર'—પહેલાં રાષ્ટ્રીયસ્તર દૂર કરો...પછી બીજી વાત! કઈ રીતે શાસ્ત્રીયસ્તરે અમારે ઉજવણી કરવી એ અમે બધા—જૈનાચાર્યો અને સાધુઓ સમજીને નક્કી કરી લઈશું. પહેલાં તો 'ક્વીટ રાષ્ટ્રીયસ્તર'.

**પ્રાન્તે આપણું કર્તવ્ય :—**

રાષ્ટ્રીયસ્તરની ઉજવણીના અનિષ્ટોની આજે આપણે થોડી વિચારણા કરી. હવે આપણા સહુની એકની એક ફરજ એ બની રહે છે કે આપણે સહુએ આપણી શક્તિ અનુસાર; તન, મન અને ધનથી આ ઉજવણીનો વિરોધ કરવો જ જોઈએ. નિર્વાણમાર્ગના પ્રકાશક એવા ધર્મોનો થતો ઉચ્છેદ અટકાવવો જ જોઈએ. એ માટે જેમ બને એમ વધુ તારો; સેવીન ગ્રામો દ્વારા વિરોધ નોંધાવવો જોઈએ. વડાપ્રધાનને અને બીજા પણ સ્થળોએ વિરોધના તારો વગેરે કરવા જોઈએ. સમજીને ઈચ્છાપૂર્વક વિરોધની સહીઓ પણ આપવી જોઈએ. એ માટે આરાધના પણ કરી શકાય અને એ દ્વારા આપણે શાસનની સંરક્ષાના આ કાર્યમાં યથાશક્ય બધો જ પ્રયત્ન કરી છૂટવો જોઈએ. પ્રયત્ન કરતાં કરતાં જ સિદ્ધિ લાધશે. કદાચ સફળતા નહિ સાંપડે તો ય મારી-તમારી અને સહુની કર્મનિર્જરા તો અચૂક જ છે અને એ દ્વારા પરંપરયા મુક્તિ પણ અફર જ છે.



પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ, ૫ળ૮૨/૩, બીજે માળે, રતનપોળના નાકે, યાજ્ઞિક ઈન્સ્ટીટ્યુટ સામે, ગાંધીરોડ, અમદાવાદ–૧

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, ફતેહભાઈની હવેલી, અમદાવાદ.

મૂલ્ય : ૫૦ પૈસા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust